SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

MARCH '06

શ્રી નરનારાયણદેવનો ૧૮૪મો પાટોત્સવ



પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



શ્રી નરનારાયણદેવના ૧૮૪માં પાટોત્સવ પ્રસંગે અમદાવાદના પ્રસાદીના સભામંડપમાં શ્રી હરિના અપરસ્વરૂપોના દર્શન



શ્રી નરનારાયણદેવના ૧૮૪માં પાટોત્સવ પ્રસંગે યજ્ઞમાં શ્રીફળ હોમતા પૂ.મહંતસ્વામી સાથે પાટોત્સવના યજમાન પરિવાર



આપણા શિકાગો મંદિરમાં દર્શન આપતાં શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ



અમદાવાદ વાસણા વિસ્તારમાં શ્રીમદ્ ભાગવત પારાયણ પ્રસંગે દિપ પ્રગટાવતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને લાભ લેતા યજમાન પરિવાર શ્રી પ્રકાશભાઈ ભલાભાઈ, ઔડાના માજી ચેરમેન શ્રી સુરેન્દ્રભાઈ અને ચિ. દર્શ વગેરે



ધરિયાવદ (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



ગામડી ગામે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન હરિભક્તો

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ | માર્ચ - ૨૦૦૬

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	કથાવાર્તા	૪
૪.	શ્રીહરિ ચરિત્રામૃત સાગરમાં શ્રી નરનારાયણદેવ	૭
૫.	હોલિકોત્સવ	૧૦
૬.	માયા મમતા ટાળવાના શ્રીહરિએ દર્શાવેલા ઉપાયો	૧૨
૭.	નીતિ, રીતિ અને પ્રીતિ	૧૩
૮.	ઈચ્છા અને સિદ્ધિને જોડતી સેતુ સાધના	૧૫
૯.	સત્સંગ સુરભિ : આજ્ઞા માની એનો પ્રતાપ છે	૧૬
૧૦.	સત્સંગ બાલવાટિકા	૧૯
	(૧) માફ કરે તે મોટો	
	(૨) યાત્રા કરે પણ સ્વભાવ ન છૂટે	
૧૧.	પ્રશ્નપેટી	૨૨
૧૨.	ભક્તિસુધા	૨૩
	(૧) મહારાજથી મોટા કોઈ નહિ !	
	(૨) ડાંગરવાના જતનબા	
	(૩) બાઈઓની સભામાં ભક્તિમાતાના દર્શન	
૧૩.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.


ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૮૨

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

Visit us : www.swaminarayan.info

E-mail : sntemple@hotmail.com

www.swaminarayanmuseum.com / org



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી

(મહંત સ્વામી)

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂા. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦

છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય

દર માસની ૧૧મી તારીખે

ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

સર્વાવતારી ભગવાન શ્રીહરિ નીલકંઠવર્ણી સ્વરૂપે સમગ્ર ભારત વર્ષની તીર્થયાત્રાએ મહાભિનિષ્ક્રમણ કર્યુ ત્યારથી કઠોર તપ કરવાનો પણ પ્રારંભ કર્યો. ક્યારેય તેમણે સારાસારા ભોજન મળે તો પણ તેનો સ્વીકાર કર્યો નહી. કારણ કે ભોજન અને ભજનને મેળ બેસતો નથી. સારા ભોજનો વધારે ખાય તો નિંદ્રા પણ ખૂબ આવે અને નિંદ્રા આવે તો ભજન ન થાય. ભજન વિના આ જીવને મોક્ષની પ્રાપ્તિ ન થાય. માટે મોક્ષની ઈચ્છાવાળા એ તો સર્વ ઈન્દ્રિયોના આહાર માત્રનો ત્યાગ કરીને તપ કરવું એ જ શ્રેષ્ઠ છે. ઈન્દ્રિયોના તપ વિના પરમેશ્વરના સ્વરૂપને પ્રાપ્ત કરવું અતિ કઠણ વાત છે. કેવળ પોપટીયા જ્ઞાનની જેમ વૈરાગ્ય અને ત્યાગની વાતો કરવાથી પરમેશ્વરની પ્રાપ્તિ ન થાય. તેના માટે કંઈક અંશે જીવનમાં આચરણ આવવું જોઈએ. કેવળ પરોપદેશે પાંડીત્યમ. જગતમાં માન, મોટાઈ, નામના અને યશ એકઠું કરવામાં ઉપયોગી થતું દેખાય છે. ત્યાગ, વૈરાગ્ય અને શિક્ષણના નામે ભોળા લોકોને દિશા ભ્રમ કરીને મોક્ષમાર્ગથી પરાંગમુખ કરવાનો કીમિયો કેટલાક કષાય વસ્ત્ર ધારણ કરીને સરળતાથી અજમાવીને પોતાની મનમાની કરવામાં યુગધર્માનુસાર બહુ જ સફળતા મેળવી રહ્યા છે. ત્યારે મોક્ષભાગી જીવાત્માએ શિક્ષાપત્રીની આજ્ઞાને ખરા અર્થમાં ધ્યાનમાં લેવી બહુજ જરૂરી અને આવશ્યક થઈ ગઈ છે. આવા માર્ગે વળેલાં લોકોને કેવળ પોતાની ઈચ્છાઓને પૂર્તિ કરવામાં પૂર્ણતા દેખાતી હોય છે. તેમને સાચા અર્થમાં જ્ઞાન કે ત્યાગ, વૈરાગ્ય સાથે કંઈ લેવા દેવા હોતી નથી. ત્યાગ, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ અને જ્ઞાન તો શ્રીજી મહારાજના અભિપ્રાય પ્રમાણે જેના ઉપર ભગવાન શ્રી નરનારાયણદેવની કૃપા થાય તેના હૃદયમાં જ મોક્ષપયોગી આવે છે. અન્યથા તો કેવળ વ્યવહારિક આ બધું આવીને જગતમાં દેખાય છે. તેનાથી સર્વ જનોએ સાવધાની પૂર્વક ચેતતા રહેવું તેમાં સૌનું હિત સમાયેલું છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના

જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી – ૨૦૦૬)

૧. પ.ભ. મનસુખભાઈ પરસોત્તમભાઈ સુહાગીયાને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. અરવિંદભાઈ છગનભાઈ માંગુકિયાને ત્યાં પધરામણી, બાપુનગર.

૨. મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર વસંત પંચમી સમૈયો, પાટોત્સવ અને રંગોત્સવ પ્રસંગે પધરામણી.

૪. જીવરાજપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ - બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. દિનેશભાઈ બાબુભાઈ સોનીને ત્યાં ચાંદલા પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, કાંકરિયા.
પ.ભ. પરેશભાઈ બાબુલાલ પટેલને ત્યાં પધરામણી, થલતેજ.

૬. સરસપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. સી.કે. પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, શાહીબાગ.
પ.ભ. કનુભાઈ બળવંતરાય પટેલને ત્યાં પધરામણી. સરસપુર.

૭. નારાયણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮-૯. ધરિયાવદ (રાજસ્થાન જી. ઉદેપુર) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. મોખાસણ ગામે પ.ભ. કાંતિભાઈ કરશનદાસ પટેલ દ્વારા આયોજીત પારાયણ અને શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી અને ત્યાં પ.ભ. રમણભાઈ ઈશ્વરદાસ પટેલને ત્યાં પધરામણી.
કલોલ શ્રીનગરશ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
કડીગામે પ.ભ. ગોવિંદભાઈ હિરાભાઈ પટેલ તથા પ.ભ. વિનોદભાઈ પોપટલાલ પટેલને ત્યાં પધરામણી.

૧૧. સોજા શ્રી સ્વામિનારાયણ મંદિર શતવાર્ષિક પાટોત્સવ - પારાયણ, બહેનોના મંદિરનો ૨૫મો પાટોત્સવ અને શ્રી હનુમાનજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. પ્રકાશભાઈ ભલાભાઈ પટેલ આયોજીત પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી, વાસણા બેરેજ રોડ.

૧૨. પ.ભ. નારાયણ લક્ષ્મીપ્રસાદ જોષીને ત્યાં પધરામણી, આંબાવાડી.

૧૩. પ.ભ. હસમુખભાઈ મકવાણાને ત્યાં પધરામણી, રાયપુર.
પ.ભ. જીગરભાઈ દિપકભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, કાંકરિયા
પ.ભ. ઘનશ્યામભાઈ રણછોડભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સોલા રોડ.
પ.ભ. મહેન્દ્રભાઈ ગોવિંદલાલ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી.

૧૪. સાચોદર (ઈડર દેશ) ગામે પ.ભ. માધાભાઈ કરશનભાઈ પટેલને ત્યાં પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૫. બાપુપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ અને પારાયણ પ્રસંગે પધરામણી.

૧૬. ઈટાદરા શ્રી સ્વામિનારાયણ મંદિર પ.ભ. નટવરલાલ જોઈતારામ પટેલ દ્વારા આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.

૧૭. લુણાવાડા (પંચમહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ-અભિષેક પ્રસંગે પધરામણી. પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયાને ત્યાં કીર્તન-ભક્તિ પ્રસંગે પધરામણી, મીઠાખળી. પ.ભ. નટવરભાઈ ટી. પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ વિદુર નીતિ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
રણછોડપુરા (તા. વિજાપુર) ગામે પ.ભ. રાજુભાઈને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. અભિષેક પ્રભુદાસ કચરાભાઈ પટેલના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, રાણીપ.
પ.ભ. દશરથભાઈ કાનજીભાઈ પટેલ (ગવાડાવાળા)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સાબરમતી.

૨૦. ભક્તિનગર (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧. પ.ભ. કૌશિકભાઈ વજુભાઈ પાટડીયાને ત્યાં પધરામણી, નવરંગપુરા.

૨૨. શહેરા (પંચમહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩. કુબડથલ (દશક્રોઈ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા અને પારાયણ પ્રસંગે પધરામણી.

૨૪. પ.ભ. વિરેશભાઈ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૨૫. થુરાવાસ (ઈડરદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી પ્રસંગે પધરામણી.

૨૭. સિધ્ધપુર (હાઈવે રોડ) નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત નિવાસની ખાતવિધિ પ્રસંગે પધરામણી.

૨૮. કલોલી (જેતલપુર દેશ) ગામે પધરામણી. રાત્રે ચરાડવા મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

।। કથાવાર્તા ।।

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (મહંતશ્રી, નારાયણઘાટ)

શબ્દે માર્યા મરીયા,
શબ્દે છોડ્યા રાજ,
જેણે શબ્દ વિચારીયા,
એના સરીયા કાજ.

દુનિયામાં શબ્દ જેવું કોઈ બળવાન નથી. અનેક-અગણિત શબ્દોનો સમૂહ એટલે વાતો. બાળક જન્મે છે. ત્યારથી તેને વાર્તાઓ કહેવામાં આવે છે. વાતો સારી નરસી અનેક પ્રકારની હોય છે. એ વાતોમાં ભગવાન અને ભગવાનના સંતો સંબંધી કે ભગવાનના ભક્તો સંબંધી જે વાર્તાઓ છે. તેને કથા વાર્તા કહીએ છીએ. કથાનું ઊંધુ થાક. માટે મોટા સંતો કહે છે. થાક ઉતારવાનું કામ કથાનું. માટે શબ્દ બન્ને કામ કરે છે. મારવાનું તથા તારવાનું.

સરદાર વલ્લભભાઈ એક કેસ લડતા હતા. કોર્ટમાં એક સાક્ષી જો હાજર થાય તો તેઓ કેસ હારી જાય તેમ હતું. તેઓએ તે સાક્ષીનાજ ચાર મિત્રોને તૈયાર કર્યા. તમો એક-એક કલાકના અંતરે તે ભાઈને ઘરે જાઓ અને કહેવાનું કે તમને તો તાવ આવ્યો છે. તબિયત સારી નથી દેખાતી. અને તે સાક્ષી ભાઈને ઘરે તેના મિત્રો બેસવા ગયા. "અરે તારૂ શરીરતો ફિક્કું પડી ગયું છે." આંખો ઉંડી ઉતરી ગઈ છે." એમ કહી તે ભાઈ ગયા ! બીજા ભાઈ તેમના ઘરે ગયા. "અરે, યાર તને તો તાવ આવ્યો લાગે છે" ! આ શબ્દોએ તે ભાઈને એવી અસર કરવા લાગી કે મનમાં થઈ ગયું કે મને અંદર કાંઈક લાગે છે ! ત્રીજા અને ચોથા એમના ઘરે ગયા ત્યાં તો ખરેખર તાવ આવી જ ગયો હતો ! અને બસ તે ભાઈ કોર્ટમાં જઈ જ ના શક્યા અને સરદાર વલ્લભભાઈ પટેલ કેસ જીતી ગયા ! શબ્દ મનમાં જબર જસ્ત અસર કરે છે. અને શરીરમાં તેવી જ રીતનું પ્રવર્તે છે.

રાજા ગોપીચંદને તેની માતાએ જ વૈરાગ્ય કરાવી જંગલમાં તપ કરવા મોકલી દીધા ! ગોપીચંદરાજા સ્નાન કરતા હતા, દાસીઓ વિગેરે તેમને સ્નાન કરાવતી હતી. માતાએ આ જોયું. આંખમાંથી આંસુ ઉપરથી નીચે પડ્યું. આ આંસુ સહેજ ગરમ લાગ્યું ! ઉપર જોયું અને માતા પાસે ગયા, માતાએ કહ્યું તારા પિતા પણ આવા જ સુંદર શરીરવાળા રૂપવાન હતા. એટલે ગોપીચંદે પૂછયું, અવિચળ રહેવાનું શું સાધન ? ત્યારે માતાએ કહ્યું "ભગવાનનું ભજન" અને તેઓ રાજપાટ છોડી નીકળી ગયા. શબ્દ આવા બળવાન છે.

ધ્રુવજીને પણ એક જ શબ્દે અવિચળ ધ્રુવના તારાની અવિચળ પદવી અપાવી. ધ્રુવજીને અપરમાએ કહ્યું. જો રાજાના ખોળામાં બેસવું હતું તો માનીતીને પેટે જન્મ લેવો હતો. બસ, ધ્રુવજી જંગલમાં તપ કરવા નીકળી ગયા અને ૬ મહિનામાં પ્રભુનાં દર્શન થયાં.

વાલીયો લૂંટારો પણ નારદજીની વાત સાંભળીને વાલ્મીકિ ઋષિ થઈ ગયા ! આ વાત કોણ નથી જાણતું.

તુલસીદાસજી પણ પત્ની પાછળ પાગલ હતા. રાત્રીના અંધકારમાં વરસતા વરસાદમાં મડદા પર બેસી તરતા-તરતા લટકતા સાપને દોરડું માની પત્નીને મળવા ગયા હતા. ત્યારે તેમના પત્નીએ કહ્યું :-

જૈસી પ્રીત હમસે,
વૈસી હરિસે હોઈ
ચલા જાય વૈકુંઠમાં,
પલ્લા ન પકડે કોઈ.

બસ તુલસીદાસ મહાન સંત બની ગયા ! માટે શબ્દ, સારુય જીવન બદલી નાંખે છે.

સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ ના પાંચસો પરમહંસો હતા. તેમાના એક સંત ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે વચનામૃત કરતા બીજામાં માલ જણાય તો તે મોહ જાણવો.

ભગવાન સ્વામિનારાયણની પરાવાણી રૂપ વચનામૃત ગઢડા અંત્ય. પ્રકરણ ૨૪માં શ્રીજી મહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, મુમુક્ષોને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું શું કારણ છે ? તો ભગવાનની કથાવાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જ જગતનો અભાવ થાય છે. તથા કામ, ક્રોધ લોભાદિક દોષનો નાશ થાય અને જો કથાવાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે આમાં મોટા ગુણ નહિ આવે.

વચનામૃત ગઢડા પ્રથમ પ૯માં પણ મહારાજ કહે છે કે પ્રલંબાસુર રાક્ષસ બળરામજીને લઈને ચાલ્યો. પોતામાં અપાર બળ હતું પણ પોતે જાણતા નહતા પછી આકાશવાણી થઈ અને કહ્યું તમે તમારા બળને ભૂલી ગયા છો ? ત્યારે બળદેવજીએ રાક્ષસને જીતી લીધો.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના

ઉપમાં શ્રીજીમહારાજ કથાવાર્તાનો મહિમા સમજાવતાં કહે છે કે અમે સ્વરૂપાનંદ સ્વામીને અમારા સ્વરૂપની વાર્તા કરી તે વાર્તા ધારી ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતું તે સર્વે નિવૃતિ પામી પરમશાંતિ પામ્યા. પણ એ ઘણાય આત્માને દેખતા હતા તેણે કરીને કાંઈ સિધ્ધિ થઈ નહીં.

પૃથુરાજાને ભગવાનની અસાધારણ ભક્તિ હતી તો ભગવાને વરદાન માંગવા કહ્યું ત્યારે ભગવાનની કથાવાર્તા સાંભળવા દશ હજાર કાન માંગ્યા, પણ બીજું કાંઈ ન માંગ્યું.

વચનામૃત કારિયાણી ૧૨માં શ્રીજી મહારાજ બોલ્યા જે :- જીવની કારણ શરીરરૂપ માયા વજસાર જેવી છે. તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી. માટે જ્યારે એ જીવને સંતનો સમાગમ મળેને સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. જેમ આંબલીનું બીજ હોય તે બીજની છાલ અતિ દૃઢ ચોંટી હોય પછી તેને અગ્નિમાં શેકે ત્યારે છાલ દાઝીને ખોખા જેવી થાય પછી હાથમાં લઈને ચોળે તો છાલ જુદી થઈ જાય. ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રધ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહિ અને ચન્દ્રાયણ આદિક વ્રતે કરીને જો દેહને સુકવી નાખે તો પણ આવી ભગવદવાર્તા સાંભળનારાનું મન જેવું નિર્વિષયી થાય છે તેવું તેનું નથી થતું, અને આવી વાત સાંભળીને જેવું તમારા સર્વેનું મન નિર્વિષયી થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાતું સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.''

આપણા મહાન સદ્‌ગુરુ સંતશ્રી ગોપાળાનંદ સ્વામી જેમને શ્રીજી મહારાજે બન્ને આચાર્ય મહારાજશ્રી ના હાથ તેમના હાથમાં સોંપ્યા હતા. તેમના એક સેવક સદાશિવભાઈ એ ત્રણ માળની હવેલી બનાવી હતી. તેનું વાસ્તુ પૂજન કરી મહાપૂજા કરવા પૂજ્ય ગોપાળાનંદ સ્વામીને આમંત્રણ આપવા આવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તેમને પોતાની પાસે રોકી લીધા અને કહ્યું કે દશ દિવસ પછી આપણે સાથે જઈશું. શેઠ તો સ્વામીની આજ્ઞામાં અમૃત માની રોકાઈ ગયા. ગોપાળાનંદ સ્વામીએ શેઠ સાથે ઘણી કથાવાર્તા કરી તે દરમિયાન એક દિવસ શેઠ ઉપર કાગળ આવ્યો કે શેઠ નવી હવેલી આખી બળીને ખાખ થઈ ગઈ છે. ત્યારે સદાશિવભાઈએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી હું તો તમને ફક્ત આમંત્રણ આપવાજ આવ્યો હતો. આપે કૃપા કરી મને રોકી લીધો. અને કથાવાર્તા કરીને અંતરમાંથી તો આપે સાંખ્ય કરાવી બાળી જ નાંખી છે. હવેલીનો મોહ મટાડી જ દીધો. નહિ તો હું પણ હવેલી ભેગો મરી જાત. હવેલી બળવાના આઘાતથી મરીજ જાત. આમ કથાવાર્તા એવી છે, જેમ યુદ્ધમાં રણશિંગા ફુંકાય ત્યારે ગમે તેવો કાયર પણ યુદ્ધ કરવા તૈયાર થઈ જાય. તેમ કથાવાર્તા કાયર ને પણ સિંહ સમાન બનાવે છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને ચાર સવાલ પૂછ્યા મારે (૧) આત્મારૂપે રહેવું ? (૨) માંદાની સેવા કરવી (૩) વાતો કરવી ? (૪) અખંડ ધ્યાન કરવું ? ત્યારે શ્રીજી મહારાજે તેઓને કહ્યું કે તમારે અખંડ હરિભક્તો અને સંતોને કથાવાર્તા કર્યા કરવી.

એક દિવસ ગોપાળાનંદ સ્વામી ગઢડા મ.નું ૯મું વચનામૃત સમજાવતા હતા ત્યારે શ્રીજી મહારાજના જમણા હાથ સમા અને અખંડ મહારાજની સેવામાં રહેતા અને પત્રનું કામ કાજ સંભાળતા શુકાનંદ સ્વામીએ કહ્યું કે સ્વામી આ વચનામૃત સંશોધન વગેરે કર્યું છતાં સમજવામાં આજે આવ્યું !

ગુણાતીતાનંદ સ્વામી કહેતા, જેવા ફિરંગીના લોઢા તથા તીવી જેવી આ સાધુની વાતુ છે. તે લાગે તો આરપાર નીકળી જાય. ફિરંગી નિત્ય કવાયત કરાવે છે. તેથી તેના માણસ બહુ ખબરદાર થાય છે. તેમ જે કથાવાર્તા પ્રશ્ન-ઉત્તર કરવા સાંભળવાનો અભ્યાસ રાખે તેનો જીવ વૃદ્ધિને પામે ને તેમાં બળ આવે. પણ તે વગર બળ ન આવે. તેમ જે આળસું થઈને બેસી રહે તેને શું સમાસ થાય. (સ્વામીની વાતો રજુ પ્ર. ૪૮)

ભગવાનની કથા કેવી છે તો જેમ ચોકિયાત આવી ને કહે જે જાગો-જાગો ! તે જાગે પછી ચોરનો ભય ટળી જાય. તેમ કથા તો એવી છે.

વચનામૃતના અર્થ સમજાય એવા નથી પણ બહુ અભ્યાસ રાખે તો

પોતાની મેળે સમજાય એવો મહારાજનો વર છે. અને આ જ્ઞાન મહારાજને સર્વેને આપવું છે. (સ્વામીની વાતો)

એક વખત ગોપાળાનંદ સ્વામી પાસે એક હરિભક્ત આવ્યા અને કહ્યું સ્વામી મારી બકરી મરી ગઈ અને ખૂબ રડવા લાગ્યો. ત્યારે ગોપાળાનંદ સ્વામી પણ સાથે રડવા લાગ્યા. ત્યારે પેલા હરિભક્તે પૂછ્યું સ્વામી મારી તો બકરી મરી ગઈ માટે રોવું છું. પણ તમે કેમ ? ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે મારી કથા મરી ગઈ ! તું કેટલાય દિવસથી રોજ મારી કથા સાંભળવા આવે છે. પણ આ ટાણે મારી કરેલી કથા બધી તને પાણીમાં ગઈ એટલે રોવું છું.

આપણે નિત્ય આરતી પહેલાં ગોડીના પદ બોલીએ છીએ તેમાં બ્રહ્માનંદસ્વામી આપણને નિત્ય કહે છે.

સંત સમાગમ કીજે હો,
નિસ દિન સંત સમાગમ કિજે
માન તજી સંતન કે મુખસે,
પ્રેમ સુધા રસ પિજે હો.....

શ્રીજી મહારાજને કથાવાર્તા એટલી બધી વહાલી લાગતી હતી તેનું વર્ણન પ્રેમાનંદ સ્વામી નિત્ય ચેષ્ટાનાં પદમાં કરે છે.

કથા સાંભળતા રે, હરે હરે બોલે
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે
હાર ચડાવે રે, પૂજા કરવા આવે
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે
નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે.....
વાત હેતની હૈયે ધારજો રે.
એક બીજા પદમાં પણ નિષ્કુળાનંદ
સ્વામી કહે છે.
માનો મળી છે મોટી વાત, હાથ
આવી તેમા હારજો રે
કરી જતન દિવસ રાત, સૂતા બેઠાં
સંભારજો રે.....

ગુણાતીતાનંદ સ્વામીએ પણ એક વાત કરી કે કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારી લેવો. પણ કદાપિ કરોડ કામ સુધાર્યા અને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું ? કાંઈ નહિ. ફરી જન્મ લો ને ફરી કરોડ કામ કરો.

આ નવરા બેસીને વાતુ સાંભળો છો તો નવરા બેઠા છીએ એમ ના સમજશો. ગર્ભવાસ, લખ ચોરાસી અને જન્મ મરણને માથે લીટા તાણીએ છીએ પણ નવરા બેઠા છીએ એમ ના સમજશો.

ચૈતન્યાનંદ સ્વામી પાર વગરના પદાર્થ રાખતા પણ ગોપાળાનંદ સ્વામીએ વાતો કરી સર્વનો ત્યાગ કરાવ્યો. પગંતમાં રોટલા ખાય પછી તે કહેતા ૧૨ વર્ષ ગુરુ રહ્યો, ૧૨ વર્ષ સદ્‌ગુરુ રહ્યો અને સત્સંગીતો આજ થયો.

શ્રીજીમહારાજ વડોદરા પધાર્યા ત્યારે સયાજીરાવ ગાયકવાડે ભારે સામૈયું કર્યું. તે સમયે એક વણિકબાઈ તે જોવા આવી ત્યારે શ્રીજીની આગળ સંતો કીર્તન ગાતા હતા.

રે સગપણ હરિવરનું સાચું...

આ કીર્તન તે બાઈને યાદ રહી ગયું તેથી તે કામકાજ કરતાં બોલ્યા કરે. પછી બાઈને અંત સમયે શ્રીજી મહારાજ તેમની દિવ્ય સ્વારી સાથે તેડવા માટે આવ્યા ત્યારે બાઈ કહે :- હું તમારી ભક્ત નથી ને તમે મને તેડવા કેમ આવ્યા ? ત્યારે પ્રભુ કહે :-

"રે સગપણ હરિવરનું સાચું" એટલુ તેં યાદ રાખ્યું અને ગાયું માટે અમારી સાથે સગપણ બાંધ્યું તેથી તેડવા આવ્યા. એટલામાં તે બાઈનું કામ થઈ ગયું !

નાજા જોગીયા મહારાજ સાથે ફરતા ત્યારે પણ ઘોડા વિના ચાલે નહિ. રજોગુણી ખૂબ, લુગડા, પદાર્થનું પણ એમ જ હતું. પણ પછી કથાવાર્તા સાંભળી તો સાધુ થઈ ગયા. અને ઘનશ્યામદાસ નામ પાડ્યું અને જુનાગઢ રહ્યા હતા.

મોટા આત્માનંદ સ્વામી ભાયાત્માનંદ સ્વામીને ૧૧૬ વર્ષ થયા હતા ને નવા દાંત પણ ફુટ્યા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું સ્વામી તમને મહારાજ કેમ ધામમાં લઈ જતા નથી ? સ્વામી કહે હું પણ એજ વિચારૂ છું. ત્યારે ગ.મ. ૯મું વચનામૃત સ્વામીએ સમજાવ્યું. ને કહ્યું સ્વામી તમારા ધર્મ નિયમ તો ખૂબ આકરા છે. પણ મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર છે. **માટે શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ છે. એમ જાણો એટલે પુરુ થયું.** પછી મહારાજ તેમને ધામમાં લઈ ગયા.

શિક્ષાપત્રીમાં પણ મહારાજે કહ્યું છે જે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ત્યારે એક હરિજને પૂછ્યું જે સત્સંગની મર્યાદા પ્રમાણે રહીયે છીએ, તથા આજ્ઞા પ્રમાણે ૧૦મો ૨૦મો ભાગ નામ ધર્માદા માટે કાઢીએ છીએ તથા મંદિર, મૂર્તિઓ, આચાર્યશ્રી, સાધુ આદિકની યથાશક્તિ પ્રમાણે સેવા કરીએ છીએ તો પણ નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવાનું કહે છે તેનું શું કારણ છે ? ત્યારે સ્વામીએ કહ્યું જે આ તમે સર્વ ધર્મ પાળો છો પણ જો અશુભ

(અનુસંધાન પાના નં ૧૫ ઉપર)

શ્રીહરિ ચરિત્રામૃત સાગરમાં શ્રી નરનારાયણદેવ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

મહામુક્ત સ્વામી શ્રી આધારાનંદ મુનિકૃત શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથ આધારિત જૂન-૨૦૦૪ના 'શ્રી સ્વામિનારાયણ' માસિક અંકમાં 'ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી નરનારાયણદેવનું અદ્‌ભુત મિલન' એ નામનો એક લેખ પ્રકાશિત થયેલો. એટલે એ પ્રસંગનું પુનરાવર્તન ન થયા અને એ સિવાય બીજું વિશેષ જ્ઞાન આપણે મેળવી શકીએ તે હેતુથી અત્રે એક વધારે પ્રયાસ કરું છું. જ્યાંથી શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશિત થાય છે. તે કાળુપુર અમદાવાદ મંદિરમાં આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને નિજ મંદિરના મધ્યદેરામાં શ્રી નરનારાયણદેવ સ્વરૂપે દર્શન આપી રહ્યા છે. આપણા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને 'શ્રી નરનારાયણદેવ' નામનું પુસ્તક એટલું પ્રિય છે કે જ્યારથી તા. ૬-૧-૧૯૯૯ થી આ પુસ્તકનું પ્રકાશન થયું ત્યારથી આજ સુધી આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ્યાં જ્યાં હરિભક્તોના ઘેર પધરામણીએ જાય, ત્યાં ત્યાં રાજીપા સ્વરૂપે મહારાજની મૂર્તિ સાથે આ 'શ્રી નરનારાયણદેવ' પુસ્તકની ભેટ આપે છે. પ.પૂ. મહારાજશ્રીનું એકજ લક્ષ હોય છે કે મુમુક્ષુ યા સત્સંગી એમ હરકોઈ વ્યક્તિને શ્રીજી મહારાજના સ્વરૂપે રહેલા શ્રી નરનારાયણદેવની સાચી ઓળખાણ થાય.

'સત્સંગની મા' મુક્તાનંદ સ્વામી જ્યાં શ્રી નરનારાયણદેવ ઋષિ સ્વરૂપે બદરિકાશ્રમમાં પ્રત્યક્ષ રહ્યાં છે તે બદરિકાશ્રમનું વર્ણન કરતા કહે છે,

આશ્રમ મધ્ય ઉંચી ઘણી,
બદરી વિશાલા નામ ।
હરિસેવા હિત તરુ થયુ,
એ છે કેવલ અક્ષરધામ ॥
દર્શને દુષ્કૃત ટલે,
સ્પરશે બલે મહાપાપ ।
મુક્તાનંદ કહે વિશાલા નો,
એવો પ્રબલ પ્રતાપ ॥

વિશાળ બોરડી જેનું વિશાલા એવું નામ છે, જે પ્રાકૃત બોરડીનું વૃક્ષ નથી. પરંતુ દિવ્ય અક્ષરધામ શ્રી નરનારાયણ સ્વરૂપે રહેલા શ્રીહરિની સેવા માટે દિવ્ય વૃક્ષ સ્વરૂપે થયું છે. જેવો મહિમા બદરિકાશ્રમનો છે તેવો જ મહિમા આપણાં કાળુપુર મંદિરનો છે. કારણ કે હિમાલયની વિકટ વાટે બધાં લોકો બદરિકાશ્રમનું દર્શન ન કરી શકે, તે હેતુથી જ શ્રીહરિએ સંપ્રદાયમાં સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ બાથમાં લઈને પધરાવ્યા છે. સદ્‌. વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ શ્રી નરનારાયણદેવનું જે દર્શન કરે તેને 'મોટા ભાગ્યવાળા' કહ્યાં છે.

હવે શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં મહામુક્ત શ્રી આધારાનંદ સ્વામીના શબ્દો ઉપર આવી જઈએ.

હિમાચલ પર્વતમાં જે બદરીવન છે તેને બ્રહ્મા, શંકર આદિ દેવો હંમેશા સેવે છે. ત્યાં રહેલા પશુ-પક્ષીઓ પણ પોતાનું વૈર ત્યાગ કરીને સાથે રહે છે. આ વનમાં એક દિવ્ય બદરીતરુ છે તે ઈચ્છિત ફળનું આપનારું છે. તે તરુ નીચે નરનારાયણદેવ હંમેશા વિરાજમાન છે. જેના પારને વેદ પણ પામી શકતા નથી. વિશાલા ક્ષેત્ર, જે અલૌકિક છે અને અક્ષરધામરૂપ છે. મરીચિ, શુકમુનિ, ગર્ગ અને ગૌતમ વગેરે મુનિઓ જ્યારે બદરિકાશ્રમમાં આવેલા ત્યારે તે મુનિઓએ નર ભગવાન પ્રત્યે ઉચ્ચારેલા શબ્દો નોંધવા જેવા છે. મુનિઓ નર ભગવાન પ્રત્યે બોલ્યા કે, "આપ તો સમગ્ર બ્રહ્માંડના અધિપતિ છો, અને નારાયણના અપાર પ્રિય છો, નારાયણની અહર્નિશ સેવા કરો છો. **તમારામાં અને નારાયણમાં અમે ફરક સમજતા નથી, એક છો છતાં બે રૂપે દેખાઓ છો.** તમારા ચરણ સ્પર્શથી આ ભૂમિનાં અમિત ભાગ્ય છે.

તે મુનિઓએ કરેલું નારાયણ ભગવાનનું દર્શન જોઈએ. ત્યાં પર્ણકુટીમાંથી નારાયણ ઋષિ આવ્યા. ઉગ્ર તપે કરી અપાર તેજોમય તેમની કાંતિ હતી. કમળના પત્ર સમાન નેત્ર અને પૂર્ણ ચન્દ્ર સમાન મંદ મંદ હસતું મુખ શોભતું હતું. **ચરણમાં સોળ ચિન્હ હતા.** મસ્તકે જટારૂપ મુગુટ શોભતો હતો. પીળા સૂક્ષ્મ કેશ શોભતા હતા. ઉત્તમ વિશાળ ઉરઃસ્થળ હતું. દરેક અંગ સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે સુશોભિત હતા. ડાબા હાથમાં કમંડળ અને જમણાં હાથમાં દંડ શોભતો હતો. શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. સાથે ઉદ્ધવજી હતા.

તે મુનિઓએ કરેલી નારાયણ

ભગવાનની સ્તુતિનું સ્મરણ કરવા જેવું છે. મુનિઓ પગે લાગ્યા અને હાથ જોડીને બેઠા. પછી તેમણે સ્તુતિ કરી કે હે ભગવન ! આ ત્રિલોકીને વિષે તમારોજ યશ છાઈ રહ્યો છે. તમને તમારી દયા સિવાય કોઈ કળી શકે નહિ. સમગ્ર બ્રહ્માંડોના તમે એક જ નિયંતા છો અને સંત પુરુષોને સુખના કરનારા છો. **ધર્મ ભક્તિના પુત્ર મહાધીર છો. અંતઃશત્રુઓ જેનાં નામથી માત્ર ધ્રૂજે છે અને સમીપે આવવા સમર્થ થતાં નથી** એવા આપ જયકારી પ્રવર્તો.

નરનારાયણદેવના નિષ્કામીપણાની વાત કરીએ તો લખે છે. ભગવાનની કૃપાથી શિવજી અતિ નિષ્કામી છે. સતીને ખોળામાં લઈ નગ્ન અવસ્થામાં સભામાં બેસે છે તે જોઈ શુક સનકાદિક જેવા પોતાની હાર કબુલી તેમના સામર્થ્યની પ્રશંસા કરે છે. નરનારાયણ દેવ તો તેમનાથી અતિ સમર્થ છે તથા શંભુને સામર્થ્ય આપનાર પણ તે પોતે જ છે. એવા સમર્થ શિવજી હતા. તેમણે શ્રીહરિને મોહિની સ્વરૂપ બતાવવા વિનંતી કરી ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમે સમર્થ છો તો પણ તે તમારે દેખવા યોગ્ય નથી. **નરનારાયણદેવ વિના કોઈપણ નિષ્કામી જનને મોહિનીનું રૂપ દેખીને મોહ થયા વિના રહે તેમ નથી.** મોટા મોટા સિધ્ધો તમને નમે છે. તે પછી તમને કોઈ નહિ નમે. માટે અમારું કહેવું માનો.

શ્રીહરિ કહે, નિષ્કામ વ્રત જેટલું જેનામાં રહેલું હોય, તેટલો તેનામાં નરનારાયણદેવનો વાસ છે. વસંત પણ સદાય ત્યાં રહે છે. યશ અને નીતિરૂપ રંગ પણ ત્યાં રહે છે. ફૂલદોલનો ઉત્સવ એ નરનારાયણદેવનો જન્મ દિવસ છે. તેમને પ્રસન્ન કરવા લોકમાં અપાર રંગ ઉડાડી ઉત્સવ થાય છે. અમે પણ વર્ષોવર્ષ સંતોની સાથે રંગક્રીડા કરીએ છીએ. નિષ્કામ ધર્મની દ્રઢ સ્થાપના કરવા માટે નરનારાયણદેવ શોધ્યા છે. નિષ્કામ વ્રતમાં તે સર્વોપરિ છે. એ જ્યાં વસશે તે દેશના ધન્ય ભાગ્ય છે. જેને નિષ્કામ ધર્મ નહિ ગમતો હોય તે એ દેવ પ્રત્યે ધિક્કાર રાખશે.

બદરિપતિ નારાયણના અવતારમાં નર ભગવાન ભાગવત પુરુષ રૂપે રહેલા છે. જૂનાગઢથી શ્રીહરિના દર્શન કરવા નારાયણજી સુથાર આવ્યા. શ્રીહરિએ તેમને મૂર્તિની છાપ કરવા માટે રોક્યા. નરનારાયણ ભગવાન બદરિકાશ્રમમાં ઋષિરૂપે રહીને ધ્યાન કરે છે. તેમાં નરની મૂર્તિ ગૌર છે અને પીળી જટા માથે છે. નારાયણની મૂર્તિ અતસીના ફૂલ જેવી શ્યામ છે. તેજથી બન્ને મૂર્તિ નખશિખ ભરાયેલી છે. કનક સમાન જટા નારાયણને માથે વિના ભૂષણે ભૂષણરૂપ છે. **તે નરનારાયણદેવ ભરતખંડના અચળ દેવ છે.** ભરતખંડમાં શ્રીહરિ અપાર અવતાર ધારે છે. તે બધી મૂર્તિ એક જ રૂપ હોવા છતાં અનેક રૂપે દેખાય છે.

જન્માષ્ટમીને દિવસે શ્રીહરિએ નરનારાયણની છાપેલી મૂર્તિ નિષ્કુળાનંદ મુનિ પાસે મંગાવી. **આધારાનંદ મુનિ છાપતા હતા. છાપની મૂર્તિ જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા અને નારાયણજીને બોલાવી પહેરામણી કરી. નિષ્કુળાનંદમુનિ અને આધારાનંદ મુનિને ફૂલના હાર આપી છાતીમાં ચરણારવિંદ આપ્યા. અને મૂર્તિ છાપવા માટે આધારાનંદ મુનિને પાસે રાખ્યા. શ્રીહરિએ પ્રસન્ન થઈને દરેક સંત, વર્ણી, પાર્ષદ તથા હરિભક્તને પૂજવા નરનારાયણદેવની મૂર્તિ આપી,** પછી આનંદમુનિને બોલાવીને કહ્યું કે તમો અમદાવાદ જઈ આપણી જગ્યામાં શિખરબધ્ધ મંદિર કરો. આ બ્રહ્માંડ થયું તેમાં પ્રથમ નરનારાયણ ભગવાનનો અવતાર થયો. બ્રહ્માનો સવા પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી નરનારાયણદેવ હિમગિરિમાં અખંડ તપ કરી રહ્યાં છે. કાળ પણ કંપે એવું તેમનું તપ છે. ત્યાર પછી તો આ ભરતખંડમાં ભગવાનના કેટલાય અવતાર પ્રગટ થયા છે ને નવા નવા ચરિત્ર કર્યા છે. અને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે.

શ્રીહરિ આનંદમુનિને કહે, અમદાવાદ મંદિર બનાવવામાં તમે મનુષ્ય અને ધનની સહાયતાની ચિંતા કરશો નહિ. નરનારાયણદેવના સંકલ્પમાં અષ્ટ સિધ્ધિ અને નવનિધિ રહેલા છે. નરનારાયણદેવને કોઈ નરનારી જાણતાં નથી કે તે કેવા છે. અમારે તેમને પ્રસિધ્ધ કરવા છે. ભરતખંડમાં તે મુખ્ય દેવ છે. છતાં કોઈ જાણતું નથી. તેમને અમારે ભરતખંડમાં સ્થાપવા છે. ભગવાનના મંદિરને માટે જે જેવી સેવા કરશે તેને તેવું ફળ મળશે. આદર હોય ત્યાં દેવ નિવાસ કરે છે.

નારાયણજી સુતારે નરનારાયણદેવ ની બીજી છાપ બનાવી. તેમાં ઉદ્ધવ, નારદને સેવામાં દેખાડ્યા અને નરનારાયણના ચરણની નીચે ગરુડ કર્યા હતા. સૂર્ય, ચંદ્રના બિંબ પણ તેમાં હતા. શ્રીહરિ આ છાપ જોઈને રાજી થયા. છાપના બહુ વખાણ કર્યા. મુક્તમુનિને તે દેખાડી. મુક્તમુનિએ કહ્યું કે આ

પ્રગટ નરનારાયણ હોય તેવી સુંદર છાપ છે. પછી બીજા મુનિઓએ પણ જોઈ. પછી સિધ્ધમુનિ (આધારાનંદ મુનિ) પાસે કાગળમાં મૂર્તિઓ છપાવી. તે જોઈ શ્રીહરિ તથા સહુ સંતો રાજી થયા. **શ્રીહરિએ દરેકને એક એક મૂર્તિ આપી. શ્રીહરિએ મુક્ત મુનિને મૂર્તિનો મર્મ સમજાવ્યો કે આ સત્સંગનું બીજ છે.** પ્રથમ ધર્મદેવ અને મૂર્તિથી નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એ ચાર રૂપે પ્રગટ થયાં. ચારેય મળીને એક સ્વરૂપ છે. ભક્તના મનોરથ પ્રમાણે રૂપ ધારે છે. એક હોવા છતાં અનેક રૂપે અને અનેક હોવા છતાં એકરૂપે પોતાની યોગકળાથી તે રહી શકે છે. તે વાત અક્ષર પર્યંત કોઈના કળ્યામાં આવે તેમ નથી. તેમના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ રહેલા છે. જીવની સમજણ કૂવાના દેડકાના જેવી છે.

સં. ૧૮૭૮માં અમદાવાદ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવમાં જ્યાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ હતી ત્યાં મુક્તમુનિ વગેરે મોટેરા સંતોને સાથે લઈ શ્રીહરિ દર્શન કરવા આવ્યા. મંજન કરીને પૂર્વમુખે મૂર્તિઓને ઉભી કરેલી હતી. માથે રૂમાલ બાંધેલા હતા. ઉપવીતની પેઠે સૂક્ષ્મ શ્વેત ફટકા ખભે ધર્યા હતા. એવી મૂર્તિઓ જોઈ શ્રીહરિ વખાણ કરવા લાગ્યા અને બોલ્યા કે સંત હરિભક્તોના પરમ હિતને માટે નરનારાયણ જે નૈષ્ઠિક વ્રતધારી છે તે પ્રગટ આવ્યા છે તેમ માનજો. **સ્વામીના ગુણ સેવકમાં આવે છે. માટે તેમની સેવાથી પોતાના વ્રતનું પોષણ થશે. તેમની વસ્ત્રાભૂષણ, વાહન, ભવન, ભૂમિ, ભોજન, ફળ, પુષ્પ વગેરેથી એકવાર પણ ભાવથી પૂજા કરશે તેને તેનું અનંત ફળ થશે. તે સમગ્ર પદાર્થના દાતા છે. તેમનું આ પ્રગટ રૂપ છે. પ્રગટ રૂપને (મનુષ્યરૂપે વિચરતા શ્રીહરિને) જે ન માનતા હોય તેમને પણ આનાથી પોષણ મળશે.**

ફાગણ સુદ ત્રીજના દિવસે મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત જ્યારે આવ્યું ત્યારે નરનારાયણદેવને શ્રીજી મહારાજે સિંહાસન પર ઉત્તરમુખે પધરાવ્યા. વસ્ત્રાભૂષણ પહેરાવી શ્રીહરિએ આરતી ઉતારી. ઘંટ, ઘડિયાળ, નોબત, શંખ, ચોઘડીયા, ઢોલ, ત્રાંસા વાગવા લાગ્યા. સંતો દર્શન કરી રહ્યા બાદ હરિભક્તોની કાંકરીયા સરોવરથી મંદિર સુધી એકતાર હાર થઈ. એક દ્વારે પેસે અને બીજે દ્વારે નીકળતા. જેથી ભીડ જણાતી નહિ. મૂર્તિની શોભા એવી હતી કે દર્શન કરનાર કોઈને ખસવાનું મન થતું નહિ. સૌ ભાવ પ્રમાણે ભેટ ધરતા. એમ નરનારાયણ ભગવાન ગુર્જર ખંડની મધ્યે આવીને વસ્યા, તેથી શ્રીનગર નામ સફળ થયું.

વડોદરાના રામચન્દ્ર વૈદ્યને ડાકોરની પૂનમનો નિયમ હતો. પુત્ર ન હતો તેથી પૂનમનો નિયમ રાખ્યો હતો. તે શ્રી ગોડ વિપ્ર હતા. મોટા મોટા ઉમરાવ ને રાજદ્વાર સુધી રાજવૈદ્ય તરીકે જાણીતા હતા. ગરીબની મફત દવા કરતા. ઉમરાવો નાડી જોયાના સો રૂપિયા આપતા. ડાકોરમાં વિપ્રની હવેલીમાં ઉતરતા. ડાકોરમાં રહે તેટલા દિવસ દરરોજ રણછોડજીના બે વખત દર્શન અચૂક કરતા. રણછોડજીની સમીપમાં બે કોટડી હતી. તેમાં અધર્મ ઘટિત કામ થતું જોવામાં આવ્યું. તેથી અભાવ આવ્યો. પરિક્રમા કરવાની તેમણે બંધ કરી ને તાવ આવ્યો તેથી મુકામ પર આવ્યા. મધરાતે તાવ ઉતર્યો. **અગાસીમાં બેસી માળા ફેરવતા હતા ત્યાં આકાશવાણી થઈ કે ભગવાનો ખપ હોય તો સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે. શ્રીનગરમાં (અમદાવાદમાં) તેમના મંદિરમાં સંતો રહે છે. તે તમને તેમનું સ્થાન બતાવશે. તેમણે વિચાર્યું કે આ શું થયું ? રણછોડજી બોલ્યા કે શું ? એમ કહી માળા ફેરવવા લાગ્યા ત્યારે ફરી આકાશાવાણી થઈ તેથી મનમાં સંશય થયો** અને વિચાર કર્યો કે શ્રીનગર અવશ્ય જવું. અહીંથી દૂર નથી. કેવા સંતને કેવું મંદિર છે તે દેખે ખબર પડશે. સાથેના મનુષ્યોને રજા દઈને સવારમાં બે ત્રણ જણને સાથ લઈ ઘોડે બેસી શ્રીનગરનાં મંદિરમાં આવીને સંતના દર્શન કર્યા. **દેવના દર્શન કર્યા. મંદિરમાં બહુ તેજ દેખવામાં આવ્યું અને કહ્યું કે લોકો જ્યાં ત્યાં દોડે છે પણ બધો લાભ અહીં છે. કામને રામ એક ઠેકાણે રહી શકે નહિ.**

શ્રીહરિએ વિ.સં. ૧૮૭૯ના વૈશાખ સુદી પાંચમને દિવસે શુભ મુહૂર્તમાં ભુજ મંદિરમાં પણ શ્રી નરનારાયણદેવ સ્થાપ્યા છે.

ઉત્તરમુખે ત્રણ શિખરનું મંદિર છે. જેમાં મધ્યમંદિરમાં શ્રી નરનારાયણદેવ દર્શન આપે છે. પૂર્વના મંદિરમાં ગોલોકવિહારી અને તેમની ડાબી બાજુ રાધિકાજી, જે ભરતખંડના જનને દર્શન દેવા માટે અખંડ ગોલોકમાં હોવા છતાં અહીંયા દર્શન દે છે. પશ્ચિમના મંદિરમાં ધર્મદેવને ભક્તિમાતા સહિત દર્શન દેવા માટે શ્રીહરિકૃષ્ણ મહારાજ બિરાજે છે. શ્રીહરિની પ્રગટ મૂર્તિને પ્રતિમાને વિષે ધારીને તેને એક સમજીને સંત હરિભક્તો દર્શન કરે છે તેથી અપાર આનંદ આવે છે.

હોલિકોત્સવ

સાધુ ધર્મકિશોરદાસ ગુરુ નારાયણસ્વરુપદાસ (અલ્હાબાદ - યુ.પી.)

હોળી આવી, આવી હોળી,
આવો જન સૌ દોડી
રાગદ્વેષ મિટાવી દઈને,
નાખો જીવન જોડી
હૈયામાં આનંદ જગવતી,
આવી આજે હોળી
પ્રભુ કાર્યની નિષ્ઠા રાખી,
બાંધો સાચી ટોળી

ફાગણ સુદ પૂનમને દિવસે હોલિકોત્સવ મનાવવામાં આવે છે. તે દિવસે લોકો થોડા મુક્ત મને વિહરે છે. સભ્યતાના ભારેખમ બંધનોને આધા રાખી માનવ થોડો હળવો થવા પ્રયત્ન કરે છે. અતિ બંધનોથી અકળાયેલો માનવ અતિ સ્વૈર બનવાનો પ્રયત્ન કરે છે. તો બીજા પ્રકારની આફતને નોતરે. અને એ તો ઉલમાંથી ચુલમાં પડ્યા જેવુ થાય. કડક શિસ્ત અને શિથિલ સ્વૈરાચારની વચ્ચેનું બિંદુ જે શોધી શકે તે જ હોળીના ઉત્સવને મનભેર માણી શકે.

હોળીના ઉત્સવ એટલે વસંતને વધાવતો ઉત્સવ ! પરંતુ વસંતના વૈભવમાં પણ સંયમનું સૂત્ર ભૂલાવું જોઈએ નહીં. ભગવાન શિવજીએ કરેલુ કામદહન પણ એક સુંદર વાત સમજાવી જાય છે. વસંતને નિમિત્ત બનાવીને જો કામ શિવત્વ ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કરે તો તે પોતાનો વિનાશ સર્જે છે. હોળીના રંગને લઈને આવતો ફાગણિયો આપણને નવ જીવનનો સંદેશ આપે છે.

આયો રે આયો ફાગણિયો રે આયો
હોલીનો રંગ લાયો રે હો !
તન મન ને રંગે છે ઉમંગે,
અંતરને ભીંજવતો
ભાવોની ભરતીને સૌના,
હૃદિયામાં રેલવતો
છોરૂ ગામના ભેળા મળ્યા સૌ,
જબરો જંગ મચાયો
ગોકુળમાં પિચકારી લઈને,
નાચે જશોદા જાયો !
જીર્ણ જુનાં પર્ણો ખંખેરી,
નવલે રંગ રંગાયો
નવજીવન નો આવે સંદેશો,
નવતર ચેતન લાયો !

હોળીના ઉત્સવની પાછળ રહેલી કથા પણ ખૂબજ પ્રસિદ્ધ છે. હિરણ્યકશ્યપુ નામે એક રાક્ષસ હતો. તેને સર્વત્ર હિરણ્ય એટલે કે સોનું જ દેખાય ! ભોગ જ એના જીવનનો પ્રધાનભાવ હતો. રાક્ષસ એટલે 'ખાઓ પીઓ અને મજા કરો' એવી મનોવૃત્તિનો માનવ. ભોગ સિવાય જે હાલે નહિ, એના સ્વાર્થ સિવાય ડગલું ભરે નહિ. તેના રાજ્યમાં પણ તેણે સૌને રોટલો અને ઓટલો મળે એટલું જ જોવાનો પ્રયત્ન કર્યો. લોકોના ઉત્કર્ષ તરફ તેણે સદંતર દુર્લક્ષ્ય સેવ્યું. પોતાની જાતને જ ઈશ્વર સમજનાર ઈશ્વરને ક્યાંથી માને.

કાદવમાં કમળની માફક તેને ત્યાં પ્રહલાદ જેવો ભક્ત પુત્ર જન્મ્યો. પ્રહલાદ જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માતા નારદના આશ્રમમાં રહેતી હતી. ત્યાંના સંસ્કારોની અસર પ્રહલાદ પર પડી હતી. ભારતીય સંસ્કૃતિની એજ વિશિષ્ટતા છે કે :

"પ્રહલાદ સમા ભક્તો અહિંયા
રાક્ષસને પેટે પાક્યા છે,
કાંટા વચ્ચે રહીને પણ પુષ્પો પ્રભુ
ચરણે પામ્યાં છે !"

પ્રહલાદનું અંતઃકરણ ભગવદ્ ભક્તિથી ભરેલું હતું. તેના પિતાએ તેને બદલવાના અનેક પ્રયત્નો કર્યા પણ નિષ્ઠાવાન બાળકને બદલવામાં તે સમર્થ બન્યો નહિ. ત્યારબાદ તેણે તેને મારવાના પ્રયત્ન શરૂ કર્યા. પ્રહલાદ નો ઈશ્વરવાદ જો સર્વત્ર ફેલાઈ જાય તો ભોગવાદ પર ઉભા રહેલા તેના રાજ્યના મૂળિયા હચ મચી જાય. આસુરી વૃત્તિનો બાપ, દીકરાની આવી વાતો કેમ સાંખી લે ? પ્રહલાદને મારવાના અનેક પ્રયત્નોમાંનો એક એટલે તેને જીવતો જ અગ્નિમાં બાળી મૂકવો. પ્રહલાદ અગ્નિમાંથી ઉઠીને ભાગી ન જાય માટે તેને તેની ફોઈના ખોળામાં બેસાડવો. હિરણ્યકશ્યપુની બહેન હોલિકાને વરદાન હતું કે જો તે સદ્વૃત્તિના માનવને કનડશે નહિ તો અગ્નિ તેને બાળશે નહિ. પોતાના ભાઈના આગ્રહને વશ થઈને હોલિકાએ પ્રહલાદને ખોળામાં લઈને અગ્નિમાં બેસવાનું કબૂલ્યું. પરિણામ જે આવવું જોઈએ તે જ રહ્યું. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ ! જ્યારે સદ્વૃત્તિનો ઈશ્વરનિષ્ઠ પ્રહલાદ હસતો રમતો બહાર આવ્યો ! પ્રહલાદ નાનો

હતો. જગતમાં પણ સદ્‌વૃત્તિના લોકો અલ્પ સંખ્યામાં જ હોય છે. પરંતુ જો તેઓ સન્નિષ્ઠ હોય, પ્રભુનિષ્ઠ હોય તેમજ તપસ્વી અને ક્રિયાશીલ હોય તો વ્યાપક એવી અસદ્‌વૃત્તિ પણ તેમને કાંઈ કરવાને સમર્થ નથી. આવો અનુપમ સંદેશ હોળીનો ઉત્સવ આપણને આપે છે. હવે પ્રશ્ન એ થાય છે કે હોલિકાએ પ્રહલાદ જેવા પ્રભુભક્તને બાળવાનો પ્રયત્ન કર્યો તે હોલિકાનું આપણે હજારો વર્ષથી પૂજન શા માટે કરીએ છીએ ? હોલિકાના થતા રહેલા પૂજનની પાછળ એક બીજી જ વાતનું સ્મરણ રહેલું છે. જે દિવસે હોલિકા પ્રહલાદને લઈને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે નગરના બધા લોકોએ ઘર ઘરમાં અગ્નિ પ્રગટાવીને પ્રહલાદને ન બાળવા અગ્નિદેવને પ્રાર્થના કરી હતી. લોકહૃદયને પ્રહલાદે કેવી જીતી લીધું હતું તેનું આ ઘટનામાં પ્રતિબિંબ પડે છે. અગ્નિએ લોકોની અંતઃકરણની પ્રાર્થના સ્વીકારી અને લોકોએ ઈચ્છ્યુ હતું તેવું જ થયું. હોલિકા નષ્ટ થઈ અને અગ્નિ કસોટીમાંથી પાર ઉતરેલો પ્રહલાદ ઉત્તમ ભક્ત સાબિત થયો. પ્રહલાદને બચાવવાની પ્રાર્થના રૂપે ચાલુ થયેલી ઘર ઘરની અગ્નિ પૂજા કાળક્રમે સામુદાયિક પૂજાનું રૂપ લીધું અને તેમાંથી જ ધીરે ધીરે ચોરેચોટે ચાલતી રહેલી હોલિકા પૂજા શરૂ થઈ. એ રીતે હોલિકા પૂજન એ અસદ્‌વૃત્તિના નાશ માટે તેમજ સદ્‌વૃત્તિના રક્ષણ માટે લોકોના હૃદયમાં રહેલી શુભ ભાવનાનું પ્રતિક છે અને તેથી જ લોકો હર્ષપૂર્વક હોલિકાનું સ્વાગત કરે છે.

'होलिकामागतां दृष्ट्वा हृदि हर्षन्ति मानवाः ॥
पापमुक्तास्तु संजाता क्षुद्रता विलयंगता ॥'

હોલિકા દહનથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો. આનંદના વાતાવરણથી રંગીન બનેલા લોકોએ એકબીજા પર રંગ, ગુલાલ વગેરે ઉડાડવા લાગ્યા. કોઈકે વળી ધુળ ઉડાડવાનું શરૂ કર્યુ અને તેનાથી ધુળેટી સર્જાઈ ! આસમાની રંગો અને ધરતીની ધુળનું એ ઉત્સવમાં મિલન સર્જાયુ. નાના મોટાના ભેદ ભૂલી મહેલ અને ઝુપડીના લોકો એકત્ર થઈ ઉલ્લાસથી નાચવા લાગ્યા. આમાં પ્રહલાદ જેવા મહાપુરૂષનું કર્તૃત્વ દેખાય છે. બુદ્ધિજીવી અને સામાન્ય જનતા ને સાથે કામે લગાડવા એ કઈ નાની સુની વાત નથી.

ઉચનીચના ભેદ ભૂલાવો, અહંભાવના ખોટી
કૌરવની સેના બહોળી પણ નીકળી સાવજ મોળી !

પ્રહલાદે નાના મોટા સહુને પ્રાણવાન બનાવ્યા છે. હિરણ્યકશ્યપુને મારવા થાંભલામાંથી પ્રગટ્યા. તે આજ થાંભલા જેવા જડ ચેતના શુન્ય અને નિષ્ક્રિય બની ગયેલા લોકોમાં પ્રહલાદે પ્રાણ પૂર્યા. નરમાં સિંહ પ્રગટાવ્યો. નર માનો પ્રેમ અને સિંહમાં રહેલો અવિવેક કે સાહસ એકત્ર થયા અને હિરણ્યકશ્યપુ હણાયો. લોક જાગૃતિ અને લોક સંગઠ્ઠન પાસે દુષ્ટ વૃત્તિનો પરાભવ થાય છે. એ વાત હોળી આપણને સમજાવે છે.

એક બીજાના દોષ ભૂલીને
જો ગુણને ખોળી
ગુણદર્શનથી કાર્ય વિકસતું,
એ સમજાવે હોળી.

હોળીમાં નકામી ચીજો કે કચરો જ નહિ પણ આપણા જીવનમાં રહીને આપણને પજવતા રહેલા ખોટા વિચારો અંતઃશત્રુ તેમજ મનના મેલ કે કચરાને પણ બાળવો જોઈએ.

ટૂંકમાં હોળીનો ઉત્સવ એ ફાગણના રંગોથી આપણા જીવનને રંગીન બનાવતો, વસંતોત્સવમાં પણ સંયમની દીક્ષા આપતો, સન્ननિષ્ઠાનો મહિમા સમજાવતો, તેમજ માનવ મનમાં અને માનવ સમાજમાં રહેલી અસદ્‌વૃત્તિને બાળવાનો સંદેશ આપનારો ઉત્સવ છે.

પાપ જલાવો હોલિકામાં, ભરો
પુણ્યની ઝોળી,
પ્રભુચરણમાં જીવન ધરશો તો હોળી
એજ દિવાળી !

અમદાવાદ મંદિરમાં રંગોત્સવ

તા. ૧૫-૩-૨૦૦૬ ફાગણ વદ-૧ના શુભ દિવસે શ્રી નરનારાયણદેવ જયંતી - પુષ્પદોલોત્સવ તથા રંગોત્સવ બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે પ્રસાદીના ચોકમાં ધામધુમથી ઉજવાશે. સૌ હરિભક્તોને રંગોત્સવનો દિવ્ય આનંદ પ્રાપ્ત થશે.

માયા ભમતા ટાળવાના શ્રીહરિએ દર્શાવેલા ઉપાયો

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ



આ સમગ્ર જગત માયાવી અને સ્વાર્થથી જ ભરેલું છે. બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધીની સમગ્ર યાત્રામાં આપણને સૌને સ્વાર્થ અને માયાનો અનુભવ ડગલેને પગલે થતો જ રહે છે. માયાના બંધનોને કારણે જ આપણે મોક્ષથી દૂર જ ગતિ કરતા જઈએ છીએ. આપણી ઈચ્છાઓ અપરંપાર છે. કોઈ એક ઈચ્છા સંતોષાય ત્યાં તો બીજી ઈચ્છા આવીને ઊભી જ રહે. ધન, સ્ત્રી, પુત્ર-પુત્રાદિક, ઘર, બંગલા, કાર અને રાચ રચીલાંઓમાં તથા ખાવા-પીવાની જણસોમાં માણસનું મન બંધાતા કે પછી મોહિત થતાં ક્ષણભરની વાર નથી લાગતી. માણસ તેમાં ગરકાવ થઈ જાય છે.

ભગવાનમાં આપણે અખંડ, અવિરત પ્રેમ કરવાનો છે. પણ ક્યાં થાય ? આસક્તિઓ આ જીવની જ અપાર છે. આપણે સમજવું જ રહ્યું કે ભગવાને આપણને આ મનુષ્યનો જન્મ ભગવાન ભજી લેવા મોક્ષપદ પામવાજ આપ્યો છે. ભક્તિ કરવાના માર્ગ સહેલા કરી આપ્યા છે. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને તો કેટકેટલાં મંદિરો બાંધી આપ્યા, આચાર્ય મહારાજશ્રી પાસે બેસીને જ્ઞાન લઈ મોક્ષભાગી બની શકાય, સંતવર્યો પાસે જઈને પણ મોક્ષની વાતો સાંભળી જીવનમાં ઉતારી શકાય. શ્રીહરિએ શાસ્ત્રોની રચના કરાવી તેથી શાસ્ત્રો વાંચીને પણ જ્ઞાન મેળવી ધીમે ધીમે માયાના બંધનોમાંથી છૂટી શકાય. આપણે જાતે ગમે તેટલો વિચાર કરીએ પણ માયાનું બંધન આપણી જાતે દૂર કરી શકતા જ નથી. શ્રીહરિને પણ ખબર જ છે કે આ પામર જીવ બંધને યુક્ત છે. તેથી આપણા બંધનો વિષયો-વિકારોને દૂર કરવા અનેક વચનામૃતોમાં આપણને સુંદર બોધ આપ્યા છે. આ રીતે જોતા શ્રીહરિનું આપણા સૌ પર ઘણું મોટું ઋણ છે. જે ક્યારેય ઉતરી શકે તેમ નથી.

ગઢડા અંત્યના ૩૯માં વચનામૃતમાં શ્રીજી મહારાજે ભગવાનની માયા તે કઈ છે ? અને કેવી રીતે તે જીતી શકાય તેની ઉત્તમ વાતો કહેલી છે. તેઓશ્રી વર્ણવે છે કે, "દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એજ માયા છે. તે માયાને ટાળવી અને જે માયાને ટાળે તે તર્યો કહેવાય. માયાને ટાળીને ભગવાનમાં જ પ્રીતિ કરવી. તમે આ બાબતને આજે સમજો કે પછી ઘણે દિવસે સમજો. ભગવાનના ભક્ત, નારદ, પ્રહલાદ, હનુમાન આદિએ ભગવાન પાસે એક જ માગણી કરી કે, "હે ભગવાન ! અહમ્ મમત્વરૂપ માયા થકી અમારી રક્ષા કરજો અને તમારે એકને વિષે દૃઢ પ્રીતિ થજો.

આમ કરવું કઠીન નથી. શ્રવણ, મનન, નિદિધ્યાસ દ્વારા માયાના બંધનો કાપી શકાય છે. શ્રીજી મહારાજ કહે છે કે, "ભગવાનના ભક્તને આત્મનિષ્ઠાનું બળ તથા ભગવાનના માહાત્મ્યનું બળ એ બે બળ જોઈએ. આત્માને પોતાનું સ્વરૂપ માનવું-આત્મા દેહથી પૃથક છે તે જાણવું.

બીજું .ભગવાન છે તે તો અનેક બ્રહ્માંડોના રાજાધિરાજ છે. ભગવાન સર્વ સુખના રાશિ છે. ભગવાન સંબંધી જે સુખ તે અવિનાશી છે. ભગવાન સત્યરૂપ છે. સર્વ અવતારના અવતારી છે. આમ ભગવાનનું માહાત્મ્ય વાગોળીએ તો તે દ્વારા આશક્તિઓ ટળી જાય છે. શ્રીજી મહારાજે આપણને સૌને મોક્ષભાગી બનાવવા માટે કેટલો દાખડો કર્યો છે તે આ વચનામૃત દર્શાવે છે. માયાની જટિલતા દૂર કરવાના સુગમ ઉપાયો દર્શાવ્યા છે.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના

દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

નીતિ, રીતિ અને પ્રીતિ

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

નીતિપૂર્વક ધન કમાવવું અને રીતિપૂર્વક વાપરવું - ખર્ચ કરવો અને પ્રીતિપૂર્વક પરમાત્માની ભક્તિ કરવી, આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરતાં રહીએ તો જીવન સમ્યક બને અને આવું સમૃદ્ધ જીવન જ સુખ-શાંતિ આપે છે.

અત્યારે સમયનાં વહેણ કાંઈક એવાં છે કે અનીતિથી અર્થોપાર્જન, રૂચિથી એનો વ્યય અને દ્વિતી થી ભજન ભક્તિ-આવો ઉલટો વ્યવહાર સર્વત્ર જોવા મળે છે. કશું જ વિચાર્યા વગર માત્ર ધન પ્રાપ્તિ જ મુખ્ય ધ્યેય બન્યો છે. પૈસો આવ્યા પછી મન માની રીતે વર્તવું એ જીવન રીતિ બની છે અને પરમાત્માની ભક્તિમાં પણ પ્રીતિ એટલે કે ભેદ આવ્યો છે, ભક્તિ ભેદ ભરમ વાળી બની છે.

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ તો અત્યંત ખૂબીપૂર્વક નીતિ, રીતિ અને પ્રીતિ ને શિક્ષાપત્રીની આજ્ઞાઓમાં સમાવી લીધી છે ! ગુરુ રામાનંદ સ્વામીના અંતર્ધ્યાન થયા પછી ચૌદમાના દિવસે, ફણેણી ગામે શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ પ્રથમ ધર્મસભા યોજી હતી. તમામ ભક્તજનોને સંબોધીને એમણે ઉદ્‌ઘોષણા કરી હતી કે, "હે ભક્તજનો ! ધર્મ એ જ ધન છે. ડગલે ને પગલે ધર્મને અનુસરીને જીવન જીવનારા મનુષ્યો હર હંમેશ સુખી રહે છે, અને ધર્મનું શ્રેષ્ઠ એવું સ્વરૂપ શ્રધ્ધા જ છે. શ્રધ્ધાવાળા પુરુષોએ આ લોક અને પરલોકમાં સહાયક એવો ધર્મ પ્રતિદિન નિયમ પૂર્વક જેમ થાય તેમ વિશેષપણે વૃદ્ધિ પમાડવો જોઈએ. અને તે માટે સત્‌પુરુષોનો સમાગમ કરવો જોઈએ."

એમનાં સંબોધનનો સાર એ હતો કે ધર્મશાસ્ત્રો માં સમજાવેલ નીતિ પ્રમાણે જ ધન ઉપાર્જન કરવું જોઈએ. એ પ્રાપ્ય ધનમાંથી દશાંશ કે વીશાંશ, ધર્માદા રૂપે દેવને અર્પણ કર્યા પછી શેષ ભાગ ને રીતિપૂર્વક નિરંતર વાપરવો જોઈએ. એટલે કે શાસ્ત્રોમાં દર્શાવેલ ધર્મ મર્યાદા અનુસાર જ એને વાપરવું. અનીતિથી પ્રાપ્ત કરેલું અને અરીતિપૂર્વક વાપરેલું ધન માત્ર દુષણોને જ નોંતરે છે. સમાજ કે જગતમાં ભલે કદાચ વાહ વાહ થતી હોય પરંતુ એ પુરુષનું અંતઃકરણ સદાય આહ-આહ જ કરતું રહે છે.

અજામિલ બ્રાહ્મણ હોવા છતાં કુસંગને યોગે કરીને કુકર્મી બન્યો હતો. એકવાર સંતો એના ઘરે પધાર્યા. એની પત્ની એક ગણિકા હતી છતાં સંતોને પ્રેમ પૂર્વક આવકાર આપી, રસોઈ આપી. સંતો ઠાકોરજીને થાળ ધરાવી પોતે જમ્યા અને પ્રસાદ એ બાઈને આપ્યો. આ બાજુ અજામિલ આવ્યો સંતોએ અજામિલ પાસેથી ભોજન પછીની દક્ષિણા માગતા કહ્યું કે 'હે અજામિલ ! બસ, આ પારણામાં સૂતેલાં તારા બાળકનું નામ તુ 'નારાયણ' રાખજે. એ જ અમારી દક્ષિણા. સંતો તો આશીર્વાદ આપી ચાલી નીકળ્યા. સમય જતાં અજામિલ મૃત્યુ પથારીએ પડ્યો, બિહામણા યમદૂતોનું ભયંકર એવું સ્વરૂપ જોઈ એ ખૂબ ગભરાઈ ગયો, 'બોલ્યો, હે નારાયણ ! હે નારાયણ ! જલ્દી મારી વ્હારે આવજે. આ બધા મને ખૂબ ત્રાસ આપે છે.' પોતાના પુત્રને સંબોધીને પણ નારાયણનું નામ લીધું. એટલે તત્કાળ વિષ્ણુના પાર્ષદો ત્યાં આવી ને ઊભા રહ્યા, યમદૂતોને પાછાં મોકલ્યા અને અજામિલ સદ્‌ગતિને પામ્યો.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે અજામિલે જીવન પર્યંત અનીતિથી ધન પ્રાપ્ત કરેલું, છતાં માત્ર એક જ વાર પત્નીએ, સંતોને પ્રેમપૂર્વક રસોઈ આપી અને સંતોના આશીર્વાદથી અંત સમયે 'નારાયણ' નામ સ્ફૂરી આવ્યું અને યમદૂતોથી એની મુક્તિ થઈ. શાસ્ત્રોમાં બતાવેલ રીતિથી એક જ વાર એનું ધન સંતોને અર્થે વપરાયું અને સદ્‌ગતિ મળી, તો સદાયને માટે નીતિપૂર્વક ધન મેળવીએ અને રીતિપૂર્વક જો નિરંતર ખર્ચ કરતાં રહીએ તો પછી કશું જ બાકી રહેતું નથી.

ધનાઢ્ય એવા ગૃહસ્થોને માટે તો ઘણી આજ્ઞાઓ શિક્ષાપત્રીમાં છે. દાન, ધર્મ માટે ઘણાં ઘણાં રસ્તાઓ, વરસો વરસ ધર્મને અર્થે વપરાતું રહેલું ધન ક્યારેય નાશ પામતું નથી, બલ્કે વૃદ્ધિ પામે છે. સત્સંગમાં એનાં દાખલાઓ આજે પણ મોજુદ છે.

સંત કે સત્‌પુરુષ પ્રેરણા કરે, એને સંકેત સમજીને ધન ને એ અર્થે જો આપીએ તો ધન નો સદુપયોગ તો થાય છે જ પરંતુ એમના રૂડાં આશીર્વાદ પ્રાપ્ત થાય છે. એનાંથી પરિવારને ખૂબ મોટો ફાયદો થાય છે. આજે પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો એક દિવ્ય સંકલ્પ છે કે 'શ્રીહરિની પ્રત્યક્ષ પ્રસાદીની સર્વે અમૂલ્ય વસ્તુઓનું એક અતિ સુંદર સંગ્રહાલય બનાવવું છે.' આ એક સત્‌કાર્ય તો છે જ, સાથે સાથે શ્રીજી મહારાજની પ્રસાદીની દિવ્ય વસ્તુઓને મહામૂલું સ્ટેટ્‌સ આપવાનું આ કાર્ય છે.

સત્સંગીને મન તો એ પ્રસાદીની વસ્તુઓનું માહાત્મ્ય તો હોય જ, છતાં જાણે અજાણે ક્ષીણ અને જર્જરિત બની રહેતી એ તમામ ચીજ વસ્તુઓની વૈજ્ઞાનિક ઢબે જાળવણી કરવી એ શું સત્સંગી માત્રની ફરજ નથી? ચોક્કસ છે જ.

ઐતિહાસિક એવા તાજમહેલ જેવા સ્મારકના રક્ષણ માટે સરકાર અને આપણે બધાં કેવાં ઉત્સુક છીએ ? ત્યારે આ તો આપણા ઈષ્ટદેવની પ્રત્યક્ષ પ્રસાદીભૂત બધી ચીજો છે. આ એક વ્યક્તિનું કાર્ય નથી. સમગ્ર સત્સંગમાં આસ્થા અને નિષ્ઠા ધરાવતા સર્વે સત્સંગી બંધુઓનું આ સહિયારું અભિયાન છે. એક ગરીબ બાળાએ પ્રેમ પૂર્વક આપેલો તાંબાનો પૈસો બુદ્ધની પ્રતિમામાં હૃદય સ્થાને વિરાજતો જોવા મળ્યો હતો.

એક સાદુ જ ગણિત અપનાવીએ. પરિવારની પ્રત્યેક વ્યક્તિ દીઠ રોજનો ૧ રૂપિયો બાજુમાં મૂકીએ. દા.ત. પાંચ વ્યક્તિઓનો પરિવાર હોય તો રોજનાં પાંચ રૂપિયા થાય. મહિનાના રૂા. ૧૫૦-૦૦ અને વરસના અઢારસો રૂપિયા થયા. બસ, ત્રણ વરસ સુધી, દર વર્ષે માત્ર આ ૧૮૦૦ રૂપિયા પણ શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના સંગ્રહસ્થાન કાજે અર્પણ કરવાનું રાખીએ. આ એક અમૂલ્ય 'સેવાયજ્ઞ' બની રહેશે. પ.પૂ. મોટા મહારાજશ્રીનો દિવ્ય સંકલ્પ સર્વાંગ રીતે પરિપૂર્ણ થવાનો છે જ. કારણ કે એ તો સર્વાવતારી શ્રીહરિનો જ સ્વયં સંકલ્પ છે. પરંતુ આપણે સૌ તેમના ભવોભવના ઋણી છીએ. જે અંશ-અણું માત્ર પણ ચુકવી શકીએ તે માટે આપણે સૌએ એક, પાંચ વ્યક્તિઓના પરિવાર તરફથી વરસે ૧૮૦૦ રૂપિયા ગણીએ અને સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવમાં નિષ્ઠા ધરાવતા સમગ્ર સત્સંગ પરિવારો ની આવી જમા રાશિઓ નો જો સરવાળો થાય તો કેટલું 'મોટું કાર્ય થઈ જાય ! લાખો-કરોડોની ધનરાશી જેટલી જ આપણી આ સેવા ગણાય. બસ, આંગળી જેટલી પાણીની અખંડ સેર્ય જ વહેતી કરવાની છે, સંગ્રાહલય રૂપી મોટો ધરો આપો આપ નિર્માણ પામી શકશે ! એક અશ્વમેધ યજ્ઞ કરતાં પણ મોટાં એવા સેવાયજ્ઞનાં આપણે ભાગીદાર બની શકીએ છીએ. નીતિપૂર્વક પ્રાપ્ત કરેલા પૈસાને ખૂબી પૂર્વક જો આપીએ તો સ્હેજે સ્હેજે શ્રીહરિ, સંતો અને આચાર્ય મહારાજશ્રીનાં આશીર્વાદ પ્રાપ્ત થઈને રહેશે !

જીવનનું ત્રીજું પરિમાણ એ પ્રીતિપૂર્વક પરમાત્માની ભક્તિનું છે. શ્રીજી મહારાજે તો સ્પષ્ટપણે સમજાવ્યું છે કે ગમે તેવો મોટો સાધક હશે, ને નિરાવરણ દૃષ્ટિને પામ્યો હશે પણ જો એને પરમાત્માની શરણાગતિ સો ટકા નહીં હોય તો એની સાધના જરૂરથી એને વિમુખ કરી શકે છે. શ્રીહરિની સંપૂર્ણ શરણાગતિથી સ્વીકારેલું કોઈપણ કાર્ય નિર્ગુણ બની જાય છે.

ધંધા કે પેઢી પર બેસતાં પહેલાં કાયમ એવી પ્રાર્થના કરીએ કે "હે મહારાજ ! આ બધું તમે જ મને આપ્યું છે અને હું તો માત્ર આપની કૃપાથી જ આ સંભાળી રહ્યો છું." બસ પછી જુઓ, ક્યારેય કોઈ ગ્રાહક પાસેથી અનીતિથી પૈસો પ્રાપ્ત કરવાનું મન નહીં જ થાય. શ્રીહરિના નામનો એવો પ્રતાપ છે.

દશાંશ કે વીશાંશ એ માત્ર પ્રાપ્ત કરેલ દ્રવ્ય પૂરતો જ મર્યાદિત નથી રાખવાનો. પરમાત્માએ જીવન માટે બક્ષેલા ૨૪ કલાકમાંથી પણ દશાંશ એટલે કે ૨ કલાક ૪૦ મિનિટ અને વીશાંશ એટલે કે ૧ કલાક ૨૦ મિનિટ - પરમાત્માની ભક્તિ માટે એમને અર્પણ કરવાનો છે. રામકૃષ્ણાદિક અવતાર કાર્યને વિષે ભગવાને ભક્તોને એટલું સુખ નથી આપ્યું, જેટલું શ્રી સહજાનંદ સ્વામીએ ઘેર ઘેર વિચરણ કરીને અનેક ભક્તજનોને આપ્યું છે. આપણી પાસે તો સત્શાસ્ત્રોનો દિવ્ય ખજાનો છે. એમાંથી શ્રીહરિનાં અદ્‌ભૂત ચરિત્રોને મન થાય ત્યારે માણી શકીએ છીએ. એ ચરિત્રો જ એવાં દિવ્ય છે કે રાત્રે એનું શ્રવણ-મનન કરીને સૂઈ જઈએ તો સુષુપ્તિ અવસ્થા એવી નિંદ્રામાં પણ નિદિધ્યાસ અને શ્રીહરિ સ્વરૂપનો સાક્ષાત્કાર અવશ્ય થાય છે જ. અહીં માત્ર શરત એટલી જ છે કે પ્રીતિપૂર્વક શ્રીહરિની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાની છે. રાત્રે સૂતી વખતે પણ અડધો શ્રીહરિનો અને અડધો જગતનો પ્રસંગ કરીશું તો પછી એ દિવ્ય સ્વરૂપ શાનું હાથ લાગે ?

સત્પુરુષને વિષે પ્રીતિ રાખીશું તો પણ પરમેશ્વરને વિષે એવી પ્રીતિ જોડાયેલી રહે છે. મહારાજ તો ત્યાં સુધી કહે છે કે, 'એ તેજને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' બસ આટલું પણ જો યાદ રાખીશું તો પણ શ્રીહરિને વિષે હેત જળવાઈ રહે છે. પરમેશ્વરની દિવ્ય મૂર્તિનો પ્રકાશ આપણા હૃદયને વિષે હરહંમેશ પ્રંજવલિત રહે છે. પરંતુ મશાલ પાસે હોવા છતાં દૂર દૂર બીજા સ્થાનકોને વિષે એ પ્રકાશ શોધવા પ્રયત્ન કરીએ છીએ, પછી અંધારા સિવાય બીજું ક્યાંથી પ્રાપ્ત થાય ? બસ નીતિથી કમાવવું, રીતિથી વાપરવું અને પ્રીતિથી ભજન ભક્તિ કરવાં. આ સૂત્ર અપનાવીએ તો સુખ શોધવા બીજે ક્યાંય જવું પડતું નથી ?

ઈચ્છા અને સિદ્ધિને જોડતી સેતુ સાધના

– સાધુ જયકૃષ્ણ સ્વામી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

સાધના શબ્દ "साध" ધાતુ પરથી બન્યો છે. જેનો અર્થ પ્રયત્ન કરવો. કોઈ વિશિષ્ટ ધ્યેયની પ્રાપ્તિને માટે ચાલતી અવિરત પ્રયત્ન ધારા એ જ સાધના. પ્રયત્ન કરનાર સાધક ગણાય છે. અને તેની ઉપલબ્ધિને સિધ્ધિ એવી સંજ્ઞા આપવામાં આવે છે. પરમોચ્ચદશાને પામેલો માનવ સિદ્ધ તરીકે ઓળખાય છે. સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે સાધક સાધના વડે સિદ્ધિ પ્રાપ્ત કરીને સાધ્ય જોડે એકરૂપ બને છે ત્યારે તે સિદ્ધ પદને પામ્યો ગણાય છે. સાધના હંમેશા કષ્ટદાયક હોય છે.

"…. मनुष्यः जानाति, इच्छति यतते" અર્થાત્ માણસ પહેલા કોઈ વસ્તુના પરિચયમાં આવે છે. એને જાણે છે. પછી તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા સેવે છે. અને ત્યારબાદ તેને મેળવવા માટે પ્રયત્નશીલ બને છે. ઈચ્છાને સિદ્ધિ જોડે જોડી આપવામાં સાધના સહાનુભૂત બને છે. સાધના વગર સિદ્ધિ મળતી નથી. સુભાષિતકાર કહે છે :

उद्यमेन हि सिद्धयन्ति,
कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य,
प्रविशन्ति मुखे मृगाः ॥

ઉદ્યમથી જ કાર્યો સિદ્ધ થાય છે. અને નહીં કે કેવળ મનોરથોથી. સૂતેલા સિંહના મોઢામાં પ્રાણીઓ સ્વયં આવીને પડતા નથી.

ઘણા માવણિયા ભક્તો તો અમાસના દિવસે 'હાશ' કહીને જાણે પ્રભુથી છુટકારો મેળવતા હોય તેવું લાગે છે. આપણે પણ શ્રાવણ મહિનામાં પ્રભુ પાસે માગુ લઈને જઈએ છીએ. પ્રભુ ! હું જીવ છું. તો તુ શિવ છે. આપણો સંબંધ થવો જ જોઈએ. પ્રભુ પાસે કાલાવાલા કરતા આપણે કહીએ છીએ કે :-

મારી સાથે કેમ નથી બોલતો ઘનશ્યામ ?

તારી મારી પ્રીત પુરાણી છે !

આપણી આવી વિનંતીઓ સાંભળીને ભગવાન આપણને કહે છે "દીકરા માગશર મહિને આવજે ! ભગવાનને ખબર છે કે, આ વાણિયો ભગત છે. ભાદરવામાં પણ દેખાશે નહિ. તો માગશરની શી વાત કરવી ? સાધના માર્ગમાં અસ્થિરતા એ સૌથી મોટી બાધા છે.

'સાધ્યરૂપ ઈશ્વરને સાધન ન માનવા, ભાવ અને ભક્તિને ગૌણ ન ઠરાવવા, જાત સોંપ્યા વિના સાધક બનાતું નથી, ઈશ-ઈચ્છા વિના ડગલું ભરાતું નથી !'

ભગવાન શિવજીનાં મંદિરમાં રહેલી જલધારી અને તેમાંથી ટીપેટીપે શિવલિંગ પર ટપકતુ પાણી સાતત્યનો મહિમા સમજાવે છે. સાધના નિરાંતે ચાલવી જોઈએ. "कार्यं साधयामि वा देहं पातयामिवा….." એવી આજીવન સાધના જ ઈચ્છા અને સિદ્ધિને એકરૂપ બનાવી શકે છે. "સિર જાવે તો જાવે પર આઝાદી ઘર આવે" દેશ ભક્તોને આવી કઠોર અને મક્કમ સાધનાએ ભારતને આઝાદી બક્ષી.

ઈચ્છિત લક્ષને પ્રાપ્ત કરવા માટે કોઈપણ કિંમત વધારે નથી. એમ લાગવું જોઈએ. બલિદાનોની પરંપરાને પચાવી જઈને હસતે મુખે આગળ ધપનારી સાધના સિદ્ધિને વર્યા વિના રહેતી નથી. આયાસથી શરૂ થયેલી સાધના ધીરે ધીરે અનાયાસ એટલે કે સહજ બની જવી જોઈએ. પરાણે પરાણે કરેલું કોઈ કામ દીપતું નથી. સાધનામાં દિલની સાચી લગન તેમજ સમર્પણની સુગંધ હોવી જોઈએ.

'હૃદય દીધા વિના કોઈ કામનું હૈયું
નથી મળતું,
સમર્પણ જે નથી કરતો, જીવન એનું
નથી ફળતું !'

કથા વાર્તા

(પાના નં ૬નું ચાલું)

દેશકાળનો જોગ થાય તો ધર્મમાં મોળું પડી જવાય. પૂર્વે પણ બ્રહ્મા, શિવ, બ્રહસ્પતિ, નારદ, ભરતજી વિગેરેને દેશકાળ લાગ્યા તે સાધુના સમાગમ વિના લાગ્યા. માટે ધર્મકુળને આશ્રિત અને તેમની આજ્ઞામાં જ વર્તનારા નિઃસ્પૃહી સાધુનો સમાગમ નિત્ય ભોજનની જેમ જરૂરી છે. બ્રહ્મચર્ય, અહિંસા, સદાચાર, દૃઢ પાળે, કોઈ આજ્ઞાનો લોપ ન થાય, સત્સંગમાં અચળ પાયો થાય ને કોઈ ધક્કો ન લાગે ને કોઈ વિઘ્ન પણ ન થાય.

શ્રીજીમહારાજે પણ છેલ્લીવારે ધામમાં જતાં પહેલાં આઠ મહિના કથાવાર્તા કરી જ્ઞાન આપ્યું હતું.

સત્સંગ સૂરભિ :

આજ્ઞા માની એનો પ્રતાપ છે

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

માંગરોળમાં આણંદજી રહે. જન્મ થયેલો સુતાર કુટુંબમાં. એમને મહારાજનું ઘેલું લાગ્યું. શી ખબર કે એમની મૂર્તિમાં મોહ્યા કે એમની વાણીથી આકર્ષાયા-કામકાજ વિસારીને બસ મહારાજની પાછળ પાછળ ફરવા લાગ્યા ! ઘેર આરામ કરતા હોય ત્યારે પણ ચિંતવન મહારાજનું જ થતું હોય. આખોય દિવસ કોઈ કીર્તનની કડી લલકારતા હોય કે મહારાજનું વચન એમની લાક્ષણિક ઢબે બોલતા હોય. આણંદજીનું આવું ઘેલું વર્તન એમના પત્ની રાજુબાઈને બહુ કઠે.

એકવાર લાગ જોઈને રાજુબાઈએ મહારાજનો માર્ગ રોક્યો. બોલ્યાં : "ભક્તિની શું આવી રીતે હોય કે ઘરનાં કામ મૂકી દઈને બસ આખો દિ ધોર્યા કરે અને લવ્યા કરે. પુરુષ જો ઉદ્યમ મૂકી દેશે તો શું અમારે સ્ત્રીઓને ....."

મહારાજ સમજી ગયા. કશો ઉત્તર દીધા વિના આગળ ચાલ્યા ગયા. સાંજે સભામાં આણંદજીને બેઠેલા જોયા એટલે પાસે બોલાવીને કહ્યું, "જેવો કથામાં બેસવાનો ધર્મ સમજ્યા છો તેવો કામકાજ કરવાનો ધર્મ પણ બરોબર સમજી લો. શું તમારે છોકરાંને ભૂખે મારવાં છે ?"

'ના મહારાજ,'

"તો પછી આમ નફકરા કેમ ફરો છો ? એનો ડાઘ અમને લાગે કે નહિ ?'

'તમે જેમ કહેશો તેમ કરીશ.' આણંદજીનો કેફ ઓગળવા માંડ્યો.'

'તો બસ સવારથી કામે લાગી જજો. ઉદ્યમ કરીને અહીં આવજો. આળસુ માણસોથી આ લોકનું નહિ સુધરે ને પરલોકનું પણ એ બગાડશે. કામે જશો ?"

'ભલે મહારાજ'

'કસબ કેવોક શીખ્યા છો ?'

"કારીગર છું. લોકોને મારું કામ ગમે છે. આવડત વાળો છું."

"તો એ આવડતને ખીલવો. આવી શક્તિ મળી હોય તેને ભગવાનની કૃપા માનવી, એને ખીલવવી, એનો સદુપયોગ કરી જાણવો.

બીજા જ દિવસથી આણંદજીએ ઉદ્યમ શરૂ કર્યો. આખો દિ મહેનત કર્યા પછી સાંજે કથામાં આવે. દિવસે લાકડું ઘડે અને સાંજે માંહ્યલા ને ઘડે. એમ આણંદજીએ બંને ઘાટ ઉપર જીવનની નાવ ઝડપથી ચલાવવા માંડી. એમાંથી એમને મહેચ્છા જાગી કે 'મુંબઈ જેવા મહાનગરમાં જઈને મારું નસીબ અજમાવી જોઉં. કળા-કારીગરી ઉપર હાથતો બેઠો છે. હવે એની કદર થાય એવો યત્ન કરું. આગળ વધી જાઉં." એવા મનસૂબા કરી એમણે મુંબઈ જનારાં વહાણોની તપાસ શરૂ કરી.

એવામાં એકવાર ઊભી વાટે મહારાજ મળ્યા. આણંદજી કંઈ બોલે કરે તે પહેલા તો મહારાજે જ કહ્યું, "મુંબઈનો વિચાર માંડી વાળો આણંદજી. તમે ત્યાં પહોંચો તે પહેલાં જ તમારું પ્રારબ્ધ ત્યાં પહોંચી જવા નીકળેલું. ત્યાં જઈને એને તમારે માટે કોદરા રાખવા હતા. પણ મેં એને રોકી રાખ્યું છે. હવે જાણી લો કે તમારું પ્રારબ્ધ અહીં માંગરોળમાં જ છે. બીજે જશો નહિ."

'પણ મહારાજ .....'

"તમને એમ કે પરદેશ જઈશું તો જ બે પૈસા રળાશે ? એવો સાહસવાળો સ્વભાવતો અમને પણ બહુ ગમે આણંદજી. પણ તમે ત્યાં જશો તો નસીબ તમારી સાથે નથી અને અમે જેમ કહીએ તેમ કરશો તો ....."

આણંદજી સમજી ગયા કે અંતર્યામીથી કશું છૂપું રાખી શકાય નહિ. એ પોતે જાણી જાય છે. એટલું જ નહિ પરંતુ એના ઉપાય પણ કરે છે. કેટલાય માણસોને મોઢે આણંદજીએ સાંભળેલું કે "ધાર્યું તે ધણીનું થાય. 'પોતાના પ્રારબ્ધમાં લખેલા લેખ ભૂસી શકે એવા સમર્થ મારા મહારાજ છે.' આવો મહારાજનો મહિમા સમજ્યા પછી આણંદજીને નવા રોમાંચ નો અનુભવ થયો.

મહારાજના પગમાં પડી એમણે એટલું જ કહ્યું, "જવાનું તો અહીંજ માંડી વાળ્યું મહારાજ, મને નવા નવા મુલક જોવાની હોશ નથી. પણ જિંદગીમાં કંઈ કરતાં આગળ વધાય

એવી ઈચ્છા તો થાય જ. શું કરું ?''

''તેનું તો થઈ રહેશે આણંદજી, પણ જવાનું જે બીજું કારણ હતું તે પણ કહી નાંખો. એનો ઉપાય પહેલો જોઈશે.''

''અહો ! મહારાજે તો આણંદજીના ઘરની ચાર દીવાલો વચ્ચે પતિ-પત્ની વચ્ચેના ભડકાનું કારણ પણ જાણી લીધું !

વાત એમ હતી કે એમના પત્ની રાજુબાઈએ મહારાજનો અવગુણ લીધેલો તેની આણંદજીને ખટક હતી. પત્નીને કહેવાનું કહી જોયું, સમજાવી કે, ''આપણાથી એવું ન બોલાય. અને એવો અભાવ ન રખાય.'' પણ સમાધાનના જેટલા યત્ન કરતા ગયા તેમ તેમ રાજુબાઈના દિલની આંટી મજબુત થતી ગઈ. પોતાનાં જ ઘરવાળા - મહારાજ પ્રત્યે આવો અભાવ રાખે એ દુઃખ આણંદજીને વસમું લાગ્યું અને તેથી જ ઘર છોડીને મુંબઈ જવાનો સંકલ્પ કરેલો. કંકાસ નથી કરવો, કંટાળીને નથી નીકળવું એટલે જ બુદ્ધિ પૂર્વક પોતાની મહેચ્છા ને મોટું રૂપ આપીને મહારાજ આગળ વાત મૂકેલી.

'ઘરમાં શાંતિ થવી જોઈએ. ચાલો હું તમારે ઘેર આવું છું.' મહારાજે બાવડું ખેંચીને આણંદજીને આગળ કર્યા. ઘરની શાંતિ વિના મનની શાંતિ હોય નહિ ચાલો. !

''તમને ન કહેવાનાં વેણ કહે ત્યારે મારું કાળજું કપાઈ જાય છે.''

''મને છો કહે, કંઈ લાગવાનું નથી.''

''ફળિયામાં લોકોને ભેગા કરશે. ભવાડો....''

''એની ચિંતા મારા ઉપર છોડો. કોઈવાર લડી પણ લેવું પડે. ઈસ પાર કે ઉસ પાર. પણ હું તમારી ભેળો છું ને માટે ગભરાશો નહિ.''

આજે પરમાત્માને એક જીવને સુધારવાની ચિંતા હતી. મહારાજે ઘરમાં પહેલું પગલું કર્યું ત્યારે રાજુબાઈ ચમકી ગયા. પાછળ આણંદજીને પણ ઊભેલા જોયા એટલે ઘરમાં નથી એવું બહાનું પણ ચાલે તેમ નહોતું ! ખસીને માર્ગ દીધો પણ બીજી જ ક્ષણે બેડું અને રાશ લઈને કૂવે જવા નીકળ્યા. પણ એમ મહારાજ શેના જવા દે ? બોલ્યા : ''ગોળામાંથી કળશયો ભરીને આપો. અમે તરસ્યા છીએ.'' રાજુબાઈને શી ખબર હોય કે આ તરસ જુદી છે. વેણ ઉથાપીને બહાર ચાલ્યા જવાની હિંમત ના ચાલી.

પાણીનો લોટો ભરીને મહારાજ સામું મૂક્યો. મહારાજ ભણી નારાજી ભર્યું જોઈ લીધું પણ જેવી દૃષ્ટિ મળી કે તરત જ સમાધિ લાગી ગઈ.

સમાધિમાં તો રાજુબાએ ઉહંકારા ભરવા માંડ્યા. એમાંથી રુદન શરૂ થયું. ભીતરમાં કડવાશની જે વ્યથા હતી તે જાણે, અંગે અંગમાં વરતાવા લાગી. આણંદજીને આજ્ઞા હતી કે, 'તમારે કંઈ કરવાનું નથી. બસ જોતા રહો. માણસને ભય ઉપજે અને બચી જવા આડા હાથ કરે તેમ રાજુબાઈ તરફડવા લાગ્યા. શું થશે ?

થોડીવાર શાંતિ થઈ. સમાધિમાંથી જાગી ને જોયું તો કલ્પાંતનું કોઈ જ કારણ ન દીઠું. મહારાજ તો પ્રસન્નમૂર્તિ બની સામે જ બેઠા હતા. કોઈએ આંગળી પણ અડાડી ન હોતી. તો પછી જે કાંઈ દીઠું ને યાતના વેઠી હતી તે શું હતું ?

''રાજુબાઈ, મહારાજે એમને બોલાવ્યા, લો આ માળા કરો. શાંતિ થઈ જશે. એમણે માળા આપી અને રાજુબાઈએ લીધી. ભાન થયું કે પરમાત્મા પ્રત્યે ભરી રાખેલ મલિન ભાવો નીકળતાં નીકળતાં કષ્ટ દેતા ગયા હતા. પહેલાનાં પાપોથી જે અપાર કષ્ટ વેઠવાનું હતું તે થોડામાં જ ભોગવી લીધું હતું. અને એમાંથી છૂટકારો અપાવનાર આજે સામે બેઠા હતા અને મંદ સ્મિતથી આકર્ષી રહ્યા હતા ! બાઈનાં ભીતરનાં કમાડ ઊઘડી ગયાં. હવે કશો ઉચાટ રહ્યો નહોતો. મનમાં મહારાજ અને મહાારજના ભક્ત એવા પોતાના પતિ પ્રત્યે સ્નેહનાં અનેરાભાવ ભક્ત એવા પોતાના પતિ પ્રત્યે સ્નેહનાં અનેરા ભાવ છલકાતા હતા.

વસ્ત્ર સરખું કરીને રાજુબાઈએ માળા ફેરવી. હજી અડધી ફેરવી રહ્યાં હતા. અને અંતરમાં ભાવની ભરતી ચઢી આવી, ''ભગવાને મહેર કરી છે, આજ મારા ઘેર પધાર્યા છે. એમણે મારું આટલું બધું કર્યું. એમનું હું શું કરું ? એવા એવા ભાવોની ઝડી વરસતી રહીને મહારાજ બહાર નીકળી ગયા.

એમની પાછળ પાછળ આણંદજી પણ ગયા. ચાલતા ચાલતા મહારાજે પૂછયું, આણંદજી, તમે અમને કહેલું કે તમને તમારી વિદ્યા સારી આવડે છે, કારીગર છો. ખરું ને ?

''શીખ્યો તો છું મહારાજ પણ આ દેશમાં કરામતને સમજનારા કોણ ?''

''તેની ફિકર નહિ. તમે કોઈ સારી વસ્તુ બનાવો. શેનું નિર્માણ કરશો ?''

''હીંડોળો કરું ?''

"હા કરજો અદ્‌ભૂત હશે." મહારાજે પ્રોત્સાહન આપ્યું અને ભવિષ્ય પણ ભાખ્યું."

મહારાજની સ્મૃતિએ સહિત આણંદજીએ અદ્‌ભૂત હીંડોળો તૈયાર કર્યો, બે જણ સુખેથી બેસી શકે તેવો. અને કરામત તો એવી કરી કે કળ દબાવે એટલે હીંડોળો ઝૂલવા લાગે !

આ તો મહારાજના આશીર્વાદના પ્રતાપે જ બન્યો છે. એના અધિકારી તો મહારાજ જ છે. મહારાજ આગળ જઈ વધામણી ખાધી અને કહ્યું, "લ્યો મહારાજ હવે આપ કહો તે સમયે સભામાં આપને સમર્પિત કરું."

"તમે કહ્યું એટલે હીંડોળો અમને પહોંચી ગયો આણંદજી. અત્યારે તો તમે આ હીંડોળા ખાટ નવાબ સાહેબને આપી આવો. એમને બધી શોભા, અને કરામતની સમજણ પાડજો અને કિંમત આપવાનું કહે તો નાણું લેશો નહિ પણ જમીન માંગજો."

પોતાના પ્રેમી તે ભક્તજન એની પીડા ને હરવા માટે કર્ણધાર આજે કેવો કેવો કરિશ્મા કરી રહ્યા હતા.

નવાબ હીંડોળો જોઈ ખૂબ રાજી થયા. બોલ્યા : "અમારા રાજ્યમાં આવા કરીગર રહે છે એ જાણીને મગરૂબી થાય છે." દીવાનને તત્કાળ હુકમ કર્યો કે આણંદજી જે માંગે તે ખુશીથી આપો. આણંદજીએ જમીન માંગી એટલે વળી નવાબે કહ્યું, "એ માંગે ત્યાં સો સો હાથ ઓરસ ચોરસ જગ્યા ભરી આપો."

મહારાજે જેમ કહ્યું તેમ કર્યું એટલે આજે આણંદજી નવાબના માનપાન પામ્યા. પૂરા સો હાથ ઓરસ-ચોરસ જમીનનાં માલિક બન્યા. નવાબ સાહેબે કહેવા માંડ્યું ત્યારથી ગામનાં સૌ કોઈ એમને આણંદજીભાઈ કહીને બોલાવા લાગ્યા. રાજ્યમાં માન મળે એટલે બધા જ માન આપે.

પરંતુ રાજુબાઈને મનમાં થોડુંક થયું કે મહારાજે જમીન તો અપાવી પણ દ્રવ્યનું શું ? પૈસા વિના થોડું ચાલશે ? પણ આણંદજી સમજાવે. "આપણે શેનાં ગરીબ ? દિલથી અમીર છીએ. અને મહારાજ આપણી ભેળા છે. એટલે બધાં રૂડાં વાનાં થશે !

અને એ શ્રધ્ધા પણ ફળી. મહારાજે આજ્ઞા કરેલી કે રાતે પાયા ખોદવાનું શરૂ કરજો. એમ કરતાં એક રાતે કોદાળીનો ઘા થયો તે ધાતુનાં પાત્ર સાથે ટકરાયો. પાત્રમાં કિંમતી દ્રવ્ય હતું. કામ મૂકીને રાતોરાત દ્રવ્યને ઘેર લાવ્યા. ધીમેથી પત્નીને પૂછયું, "હવે તો સંતોષ થયો ને ? દ્રવ્યની ખોટ ખટકતી હતી તે પણ મહારાજે પૂરી કરી."

"તમે આને આપણું દ્રવ્ય માન્યું ? રાજુબાઈ બોલ્યાં : "આ તો મહારાજનું છે. સવારે જઈને એમને સોંપી દેજો !" બાઈમાં કેવું પરિવર્તન આવ્યું હતું. ભીતરમાં મહારાજને ભાળેલા તે બધું જ સ્પષ્ટ દેખાતું હતું !

"મહેનતનું છે પણ જીવના બગાડવો". બાઈએ પતિને ટકોર્યા."

સવારે મહારાજ પાસે દ્રવ્યનો ચરૂ લઈને આણંદજી પહોંચી ગયા. મહારાજ તો બધું જાણતા હતા એટલે કશી નવાઈ લાગી નહિ. બસ એટલું જ કહ્યું કે, "પટારામાં જુનાં વાસણ છે. તેમાંથી એક મોટો લોટો રૂપિયાથી ભરજો અને નવાબ સાહેબને આપી આવજો."

"આણંદજીભાઈ શું લાવ્યા છો ?" નવાબે માનથી બેસાર્યા. બધી વાત સાંભળી લીધા પછી કહે, "આ તો તમારી જગ્યામાંથી ધન નીકળ્યું છે તેથી તમારૂં જ કહેવાય મારાથી એ ના લેવાય."

વળી મહારાજે બીજી યુક્તિ કરી. એ દ્રવ્યમાંથી સોનું લેવડાવ્યું અને સોનાનો કંદોરો ઘડાવ્યો. "નવાબના નાના શાહજાદા છે તેમના ગળામાં આ પહેરાવજો, ના નહિ પાડે !"

મહારાજની આજ્ઞા અનુસાર આણંદજીએ સુંદર મજાનો સોનાનો કંદોરો-બેગમ સાહેબાની હાજરીમાં દીકરાની ડોકમાં પહેરાવી દીધો. નવાબ હતા નહિ પણ બેગમ સમજદાર હતી. એ પામી ગઈ કે આણંદજીને કોઈ ખાસ કામ પડ્યું છે તેથી ભેટ લઈ આવ્યા છે. પૂછપરછ કરતાં જણાયું કે જે જમીન આપી છે તેનો લેખ થાય એવી એમની ઈચ્છા છે. બસ આટલું સહેલું કામ કરવામાં બેગમ શેની વાર લગાડે ? કહ્યું, "બપોરે નવાબ જમવા આવશે તે વખતે તમે જરૂર ફરીથી આવજો."

બપોરે આણંદજી મળવા નીકળે તે પહેલાં તો નવાબનો માણસ તેમને ઘેર તેડવા આવ્યો. એમની સામે જે લેખ તૈયાર થયો તેમાં લખ્યું : "જે જમીન આપી છે તેમાં આકાશ થી પાતાળ સુધી હીરા, માણેક ઝવેરાત કે જે કંઈ દ્રવ્ય નીકળે તે તેના માલિક આણંદજીભાઈ જ છે. તેમાં રાજ્યનો, રાજાનો કે બીજા કોઈનો કશો હક્ક રહેતો નથી."

(અનુસંધાન પાના નં ૨૧ ઉપર)

સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

માફ કરે તે મોટો

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

મોટું કોણ ! જેની પાસે સત્તા હોય તે ! ના જેની પાસે બહુ સંપત્તિ હોય તે ! ના જેની પાસે બહુ મિલકત હોય તે ! ના તો પછી કોને પૂછવું કે મોટું કોણ ! આ વાત વાંચ્યા પછી કદાચ ખ્યાલ આવી જશે.

મહારાષ્ટ્રમાં એક મહાત્માજી થઈ ગયા. એનું નામ એકનાથજી. તેઓ બહુ મોટા અને સુપ્રસિધ્ધ હતા. આ મહાત્માજી એકવાર દક્ષિણની યાત્રા કરવા ગયેલા. એમાં ઘણા પ્રસંગો બનેલા. જેમાંના એક-બે પ્રસંગો જોઈશું. ઉત્તરમાંથી છેક હરિદ્વારથી ગંગાજીના પાણીનું કાવડ ભર્યું અને રામેશ્વરમાં એ ગંગાજળ ચડાવવાનું ! પગપાળા જવાનું ! ત્યારે રેલ્વે નહોતી કે કોઈ વાહનો નહોતા. ચાલતા યાત્રા કરતા ગંગાજળ રામેશ્વર મહાદેવજીને ચડાવવાનું હતું. રસ્તામાં એક ગધેડો મરવા પડેલો. બધા લોકો આને હલકામાં હલકું અને તુચ્છમાં તુચ્છ પ્રાણી માનતા હોય છે. પણ એ માણસોની ભૂલ છે. ગધેડો તો ઉપરથી એવું પ્રાણી છે કે એના માલિક પાસે ખાવા માગતો નથી છતાં એની વેઠ કર્યા કરે છે. અને બિચારો ઉકરડા ઉપરથી જે મળ્યા કરે એ લઈ લે. નિભાવી લે છે. હવે એને બધા તુચ્છ ગણે. મરવા પડેલું એવું આ ગધેડું એકનાથજીને નજરમાં આવ્યું ને મહાદેવજીના માટે આ ગંગાજળ લાવ્યા હતા એ ગર્દભના મુખમાં રેડ્યું. બધાય ગાળો દેવા માંડ્યા. એકનાથમાં જરાય બુદ્ધિ છે ! ભોળાનાથ માટે લીધેલું ગંગાજળ ગધેડાને પાઈ દીધું ! ગધેડો સાજો થઈ ગયો. બેઠો થઈ ગયો. આવા મહાત્માના હાથે પાણી પીવા મળે અને છતાં માંદા રહે એવા તો કોક જ હોય ! એકનાથના હાથનું પાણી પીને ગધેડા જેવાય સાજા થઈ જાય છે.

પછી મહાત્મા એકનાથજી આગળ વધ્યા. ભિક્ષા માંગી, બાટી બનાવી અને શાલીગ્રામને, બાલમુકુંદને ધરાવવા બાટી મૂકી અને આંખો બંધ કરી ત્યાં એક કૂતરું આવ્યું એણે બાટી મોઢામાં લીધી અને ભાગ્યું. તો એકનાથજીની દ્રષ્ટિ કેવી !! વાટકીમાં ધી હતું માંડ એક ચમચી ! એ ઘી લઈને દોડ્યા કૂતરાની પાછળ ! ઓ મારા ઠાકોર ! આ લુખ્ખી બાટી ક્યાં ખાશો ! આ ધી લેતા જાવ. પણ આ તો કૂતરું જ હતું. એ ઔર દોડ્યું. એને એમ કે આ મને મારવા દોડ્યો છે. તે કૂતરાએ સ્પીડ વધારી તો એકનાથે પણ સ્પીડ વધારી. છેવટે ઠાકોરજી અધીરા થઈ ગયા ! કે, આ મહાત્મા આટલું દોડે છે ! અને કૂતરામાંથી એ પ્રગટ થયા. લાવ એકનાથ લાવ ! લાવ.... લાવ.... ઘી લાવ ! અને હાથમાં બાટી લઈ આગળ ઉભા રહ્યા.

આ એકનાથજી શ્રીરંગ પહોંચ્યા. દક્ષિણનું એક તીર્થધામ શ્રીરંગક્ષેત્ર ત્યાં કાવેરીમાં સ્નાન કર્યું. શ્રીરંગ ભગવાનનાં દર્શન કરવા માટે આવ્યા હતા. નાહી-ધોઈને ચાલ્યા આવતા હતા. ખભા ઉપર ભીનું વસ્ત્ર હતું. અને રસ્તામા મેડી ઉપરથી કોઈ મૂર્ખ અધર્મી એકનાથ ઉપર થૂંક્યો. જાણી જોઈને થૂંક્યો. ઈરાદાપૂર્વક થૂંક્યો. આ હિન્દુનો સાધુ છે ને ..... હાક થું ..... હમણાં એ ગાળો બોલે ને, ખિજાયને પછી એની ખબર લઉં. એટલે ઈરાદો જ હતો એની સાથે ઝગડવાનો, મારવાનો..... પરંતુ એકનાથજી એ તો ઉંચેય ન જોયું ! કોણ થૂંક્યું આ મારા ઉપર !! એ જોયું જ નહીં. ફરીથી ગયા. કાવેરીમાં ન્હાવા. નાહીને આવ્યા. ખભે પાછું ધોતીયું, કપડાં. પેલો ફરીથી થૂંક્યો. તો સવારથી બપોર સુધી ક્રમ ચાલ્યો. લગભગ સો વખત થયું. પેલો નીચે ઉતર્યો. નીચે ઉતરીને એકનાથજીના પગ પકડ્યા અને કહે છે આ તમારી લાકડાની ચાખડીથી મારા માથામાં ફટકારો. કેમ ભાઈ ! તમે કોણ છો ? હું..... આ તમને વારેવારે પરેશાન કરનાર. તમારી પર થૂંક્યો, દુઃખી કર્યા ! હું અભાગિયો. ના ના ..... ના ના ..... તમે ભૂલ કરો છો. તમે તો મારા પરમ મિત્ર છો ! મારા હજારો પરિચિત હશે, મારા શિષ્યો હશે એ સૌથી શ્રેષ્ઠ તમે છો. કેમ ? હું તો તમારા ઉપર થૂંક્યા જ કરૂં છું. સવારથી ના.... ના... ના... ના.. તમે મને એક કામમાં મદદ કરી છે. આવી મદદ તો કોઈએ મને નથી કરી. તમને તો ખ્યાલ હશે. અમારા હિન્દુઓમાં આ કાવેરીનો બહુ મહિમા

છે. દક્ષિણની ગંગા એટલે કાવેરી. અને હું તો એટલો બધો આળસું છું મહારાષ્ટ્રમાંથી યાત્રા કરતો કરતો અહીં આવ્યો. આજે જ નીકળી જવાનું, એટલે મેં નક્કી કરેલું કે સવારે કાવેરીમાં સ્નાન કરી શ્રીરંગના દર્શન કરી અને બપોર પછી નીકળી જઈશ. પણ તમે મને સો વખત સ્નાન કરાવ્યું. આમ બધી વાત કરીને પશ્ચાતાપમાં ડૂબીને તે એકનાથજીનો શિષ્ય બની ગયો. એકનાથે એમને માથે હાથ મૂક્યો, ગુરુમંત્ર આપ્યો. નવાઈની વાત છે. એકનાથજીને તો સેંકડો વરસ થઈ ગયા. પણ એ કુળ પરંપરામાં એ લોકો આજે પણ હિન્દુ ધરમ પાળે છે. એકનાથજીની ક્ષમાવૃતિએ એક મુસલમાનમાં કેવું પરિવર્તન કરી નાખ્યું ! તો આપણે આ વાતમાંથી એ શીખવાનું કે ક્ષમા એક મોટો ગુણ છે. અને એ કોણ રાખી શકે એ પણ ધ્યાન રાખજો.

ક્ષમા કોણ આપી શકે ? નબળો માણસ ક્ષમા નથી આપી શકતો. ક્ષમા આપવી એ તો શક્તિશાળીનું કામ છે. કોઈ ઢીલો પોચો હોય તેને બે ધોલ મારી જાય ત્યારે એ તો ઉભો જ ના થઈ શકતો હોય એ ક્ષમા ન ગણાય. પણ જેનામાં પ્રતિકાર કરવાની તાકાત હોય, જેનામાં દંડ કરવાની શક્તિ છે છતાં ક્ષમા આપે એજ મોટો ! એટલે જ તો સ્વામિનારાયણ ભગવાનના વચનો છે કે - "સમર્થ થકા જરણા કરવી એ નાનું સુનું કામ નથી." જેની પાસે શક્તિ હોયને સહન કરે, ક્ષમા આપે એ "મોટો" અને નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે -

"ક્ષમા સમ ખડગ નહી, ધીરજ સમ નહિ ઢાલ,
જરણા સમ જાપ નહિ, મૌન રુપ નહિ શાપ."

ક્ષમામાં તલવાર જેટલી શક્તિ રહેલી છે. એક સંસ્કૃત ઉક્તિ પણ છે કે,

"ક્ષમા ખડગ કરે યસ્ય દુર્જન, કી કરિષ્યતિ"

જેના પાસે ક્ષમારૂપી ખડગ હોય તેને દુર્જન શું કરી શકવાનો ?

એટલે જ તો આપણા સંપ્રદાયના ઈતિહાસમાં પાને પાને "ક્ષમા" રૂપી સદ્‌ગુણોની વાતો ગૌરવથી લખાયેલી છે.

●

યાત્રા કરે પણ સ્વભાવ ન છૂટે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક મહાત્માજીનો આશ્રમ હતો. મહાત્માજી ખૂબ જ ભજનિક હતા. તેમની કથા-વાર્તા સાંભળવા માટે નજીકના ગામોમાંથી કેટકેટલાય ભક્તો આવતા. આ મહાત્માજી સાથે બધાને આત્મીયતા બંધાઈ ગયેલી. જેવું કુટુંબીજનો પ્રત્યે હેત તેવું જ હેત આ મહાત્માજી પ્રતિ રાખતા.

એકવાર મહાત્માજીએ પોતાના આશ્રમમાં આવતા ભક્તોને યાત્રાએ લઈ જવાનું વિચાર્યું. યાત્રાસંઘની જાહેરાત કરી. તો તેમના કેટલાક ભાવિક ભક્તોએ પૂછયું, મહાત્માજી આપ પણ અમારી સાથે આવો તો જ અમે યાત્રા સંઘમાં જોડાઈએ. લાગણી હોય ત્યાં સૌને પોતાના સ્નેહી યાદ આવે. આ ભક્તોને જેવું કુટુંબીમાં હેત હતું તેવું જ આ મહાત્માજી પ્રત્યે સ્નેહ ભાવ હતો. એટલે મહાત્માજીને આગ્રહ કરીને કહેવા લાગ્યા કે તમે પણ અમારી સાથે ચાલો. ભક્તોના ખૂબ આગ્રહ હોવાથી યાત્રામાં આવવા માટે મહાત્માજી તૈયાર થયા. મહાત્માજી સાથે આવવાના છે એવી વાત જાણી એટલે આશ્રમમાં આવતા ભક્તોનો ઉત્સાહ વધી ગયો. મોટી સંખ્યામાં બધા ભક્તો યાત્રામાં જવા જોડાયા. આ તો જાહેર આશ્રમ હતો એટલે રોજે રોજ બધા ભક્તોની અવર જવર થતી રહે. બધાને ખબર હતી કે આશ્રમમાંથી યાત્રાસંઘનું આયોજન થયેલું છે.

એક દિવસ એક ચોર આશ્રમમાં આવ્યો. મહાત્માજીને પગે લાગીને વિનંતી ભરી વાત કરી. પોતાનો પરિચય આપતા કહે છે કે મહાત્માજી હું ચોર છું પણ મારે યાત્રામાં આવવું છે. મહાત્માજીએ શરૂઆતમાં તો ના પાડી કે ના અમને તારી ઉપર ભરોંસો નથી. તને સાથે ન લઈ જવાય. પણ ચોરે ખૂબ જ આજીજી કરી કે મારે યાત્રામાં આવવું જ છે. મહાત્માજીએ તેને ખૂબ સમજાવ્યો કે તુ ચોર છે. અને ક્યાંક કોઈના રૂપિયા કે દાગીના ચોરે તો અમારે ઉપાધિ થઈ જાય. માટે જો તું પ્રતિજ્ઞા લે કે યાત્રામાં કાંઈપણ ચોરી નહીં કરું તો જ તને લઈ જઈએ. આ ચોર કહે છે, ભલે મહાત્માજી ! હું ચોરી નહીં કરું. આમ ખાત્રી કરીને પછી તેને યાત્રાસંઘમાં જોડાવાની પરવાનગી આપી. યાત્રાનો દિવસ નક્કી થયો અને સૌ ભક્તજનોનો મોટી સમુદાય

યાત્રામાં જવા રવાના થાય છે. યાત્રામાં સહુ ભજન કીર્તન કરતા કરતા જાય છે. બધાએ પોતપોતાના બિસ્ત્રા પોટલા સાથે લીધા હતા. સંઘ ખૂબ સારી રીતે આગળ વધી રહ્યો છે. બધાનો ઉત્સાહ અને ભાવ જોઈને મહાત્માજીને આનંદ થાય છે. પણ તેમ છતાંય મહાત્માજીને થોડી ચિંતા મનમાં સતાવ્યા કરતી. ઓલ્યા ચોરને સાથે લીધો છે. પણ ચોરી ન કરે તો સારું. આમ દિવસે દિવસે રસ્તો કપાતો જાય છે. ઉતારાઓની વ્યવસ્થા વ્યવસ્થિત સચવાતી જાય છે. પણ આ તો એક મહિનાની યાત્રા હતી. હજુ તો માંડ એક અઠવાડીયું પસાર થયું હતું ત્યાં તો એક યાત્રિકે આવીને ફરિયાદ કરી કે મારા થેલામાંથી મારો રૂમાલ ગાયબ થયો છે. મારો રૂમાલ ખોવાયો છે. કોઈને મળ્યો હોય તો દેજો. મહાત્માજીને થયું આ તો ચોરી થઈ. ત્યાં બીજા યાત્રિકે મહાત્માજી પાસે આવીને કહ્યું મહાત્માજી મારા થેલામાં કોઈ બીજાનો રૂમાલ આવી ગયો છે. મને ખબર પડતી નથી, મેં તો મૂક્યો નથી. પછી અંદર થેલામાં રૂમાલ આવે કેમ ? જેનો રૂમાલ હતો તેને પાછો મળી ગયો. પણ આ તો બીજા દિવસે ચાર જણા ફરિયાદ લઈને આવ્યા. મારૂ પાકીટ ગુમ થયું છે ! બીજાએ કહ્યું મારૂં પુસ્તક ગુમ થયું ! ત્રીજાએ કહ્યું મારી બેગમાં કોઈએ આ સોનાનો દોરો મૂકી દીધો છે ! ચોથાએ કહ્યું આ આખી બેગ અમારા ઉતારામાં કોઈ રાત્રે મૂકી ગયુ છે. આમ એક બીજાની વસ્તુઓ આડી અવળી થવા લાગી. એકના થેલામાં બીજાની, ને બીજાના થેલામાં ત્રીજાની, આમ આઘું પાછું થયા કરે. કોઈ વસ્તુ ચોરાતી નહીં. પણ ઉલટ-સૂલટ થયા કરે. મહાત્માજીએ કંટાળીને પછી પેલા ચોરને બોલાવ્યો અને કહ્યું, "તું સાચું કહેજે, આ બધું આઘું પાછું કોણ કરે છે ?" ચોરે હાથ જોડીને માફી માગી કહ્યું, "મહાત્માજી એ ઉલટ સૂલટ હું જ કરૂ છું." શા માટે કરે છે ? ત્યારે ચોર કહે છે. મહાત્માજી ચોરી એ તો મારો ધંધો છે. અને હું જો એક મહિના સુધી ચોરી ન કરૂં તો તો ટેવ જતી રહે. માટે ટેવ છૂટે નહિ. એ માટે હું આઘું પાછું કર્યા કરૂં છું.

મિત્રો ! આ વાત વાંચીને કાંઈ ખ્યાલ આવ્યો ? કોઈને સ્વભાવ છોડવો નથી. જો સ્વભાવ છૂટે, ફૂટેવો છૂટે તો તો બેડો પાર થઈજાય.

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે,

"આંકડો વાંકડો વીંછીના સરીખો,
કદી ન રાખીએ વારૂં
દેખી દગે કોઈ દયા ન આણે,
પડે માથામાં પેજારૂં."

વીંછીને દેખીને કોઈને દયા આવતી નથી. જેવો જુએ એવો તરત જ તેને મારે છે. કારણ કે તેનો ચટકો મારવાનો સ્વભાવ છોડતો નથી તો માર પડે છે. માટે જો સુખી થવું હોય તો સ્વભાવ છોડતાં શીખજો.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃત માં સ્વભાવ છોડવા માટેનો ઉપાય બતાવતાં કહ્યું છે કે જેમ કોઈ બાપને કે ભાઈને મારી નાખે તો તેની સાથે કેવું વૈર થઈ જાય છે. એવું વૈર જો સ્વભાવ સાથે રાખે તો ખરાબ સ્વભાવ છૂટે.

સત્સંગ સુરભિ (પાના નં ૧૮નું ચાલું)

હાથમાં લેખ આવ્યો એટલે આણંદજી સીધા મહારાજને ઉતારે આવ્યા. મહારાજને દંવડત્ કરી એ લેખ એમના ચરણારવિંદ આગળ ધરી દીધો. "લ્યો મહારાજ ! તમારું જ છે ને તમને અર્પણ કરીએ છીએ."

મહારાજ અત્યંત પ્રસન્ન થયા. આણંદજીને ઉભા કરી હૃદય સાથે ચાંપ્યા. બોલ્યા : "હવે વાટ શેની જુવો છો ? ખોદવા માંડો. આ તો તમારા ભાગ્યનું જ છે. લક્ષ્મી સ્વયં ચાંદલો કરવા આવી છે !"


મહારાજ આપવા બેસે પછી કંઈ બાકી રાખે ? એ જમીનમાંથી ખૂબ કિંમતી દ્રવ્ય મલતું ગયું અને એમાંથી ત્રણ માળની હવેલી ચણવામાં આવી. આણંદજીભાઈ શ્રીમંત નું માન પામ્યા. પંચ મળ તેમાં પ્રથમ સ્થાન એમને મળતુ થયું. સર્વ પ્રકારે સુખિયા થયા.

એ હવેલીની અગાશીમાં એકવાર એમણે સગાસંબંધીઓને ભેગાં કર્યા ને ઉત્સવ કર્યો. ત્યારે કોઈએ એમને પૂછ્યું, : "આણંદજીભાઈ એ તો કહો કે તમને આ બધું સુખ શી રીતે પ્રાપ્ત થયું ?"

સુતાર દંપતીએ ખૂબ વિનયપૂર્વક હૈયા ઉપર હાથ રાખીને કહ્યું, "અમે હંમેશા મહારાજની આજ્ઞા માની તેનો આ બધો પ્રતાપ છે. અમારું કશું નથી. બધું જ મહારાજની કૃપાથી મળ્યું છે."

સગાં સ્નેહી પણ શ્રીમંત દંપતીનું આવું નિરાભિમાનીપણું નિહાળી મનોમન મહારાજનાં ઐશ્વર્યને વંદી રહ્યા. મહારાજ જેને રાખે એને કોણ ઉથાપી શકે ?

?????????????? પ્રશ્નપેટી ??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ શ્રીહરિ પ્રથમ વખત અમદાવાદમાં ક્યારે અને ક્યાં પધાર્યા હતા ?

પ્રશ્ન : ૨ દેવાનંદ સ્વામીનો જન્મ ક્યા ગામમાં થયો હતો ?

પ્રશ્ન : ૩ સ્વામિનારાયણ ભગવાને વાંદરાઓની પાસે માળા ફેરવડાવી હતી તે ક્યું સ્થળ ?

પ્રશ્ન : ૪ કાંકરિયા તળાવનું નામ પહેલા શું હતું ?

પ્રશ્ન : ૫ ઈન્દ્રે નવા ગુરુ કોને બનાવ્યા ? ઈન્દ્રે પછી તેમનું શું કર્યું ? અને ઈન્દ્રે શેના ચાર ભાગ કર્યા ? ક્યા ક્યા

પ્રશ્ન : ૬ શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા ચાર સંતોને સદ્‌ગુરુની પદવી ક્યા ગામમાં આપી હતી ?

પ્રશ્ન : ૭ અમદાવાદમાં કાલુપુરમાં જ્યારે આપણું મંદિર નિર્માણ થતુ હતું ત્યારે તેમાં વપરાતા પથ્થર ક્યા ગામના રાજાએ બંધ કરેલ ? ત્યાંના રાજાને કોણે કંઠી બંધાવી હતી ?

ફેબ્રુઆરી-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) મધ્ય મંદિરમાં શ્રી ગોપીનાથ હરિકૃષ્ણ મહારાજ એમ ત્રણ દેવ, આથમણી બાજુમાં શ્રી ધર્મદેવ-ભક્તિમાતા વાસુદેવનારાયણ એમ ત્રણ દેવ, પૂર્વ બાજુમાં શ્રી રેવતી-બળદેવ, શ્રીકૃષ્ણ અને સૂર્યનારાયણ, ઉત્તર બાજુમાં પ્રદક્ષિણામાં શ્રી ઘનશ્યામ મહારાજ. (૨) ગાદીએ બિરાજ્યા ત્યારે ઉંમર ૨૧ વર્ષની હતી. (૨૦ વર્ષ ૭ માસ). (૩) સત્યયુગ-૧૭,૨૮,૦૦૦, ત્રેતાયુગ-૧૨,૯૬,૦૦૦, દ્વાપરયુગ-૮,૬૪,૦૦૦, કળિયુગ-૪,૩૨,૦૦૦. (૪) ૧. વ્યાસસુત્ર, ૨. ચારવેદ, ૩. શ્રીમદ્ ભાગવત, ૪. શ્રીવિષ્ણુ સહસ્ત્રનામ, ૫. શ્રી ભગવદ્ ગીતા, ૬. શ્રી વિદુરનીતિ, ૭. શ્રી વાસુદેવ માહાત્મ્ય, ૮. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ. (૫) સંવત ૧૮૮૪ વૈશાખ વદ-૨. (૬) ૧. નિત્ય પ્રલય, ૨. નિમિત્ત પ્રલય, ૩. પ્રાકૃત પ્રલય, ૪. આત્યંતિક પ્રલય. (૭) વિષ્ણુદાસ ગામ ડભાણના હતા.

૧. રવિરાજસિંહ ગોહિલ
૨. ધીરુભાઈ મધુભાઈ કાછડીયા
૩. પીનાબેન હિરેનકુમાર (મુંબઈ)
૪. પટેલ ગીતાબેન (સુરેન્દ્રનગર)
૫. વાડીલાલ રામદાસ (બાપુનગર)
૬. કાછડીયા રાધિકા (અડતાલા)
૭. ઉર્મિલાબેન પટેલ, કલ્પનાબેન (નવાવાડજ)
૮. સોમાભાઈ વિરચંદ પટેલ (રાણીપ)
૯. પટેલ ત્રિભોવન લક્ષ્મણભાઈ (નવાવાડજ)
૧૦. નાગજીભાઈ વી. પટેલ (ચાંદલોડીયા)
૧૧. અમૃતભાઈ મોદી (સોજા)
૧૨. પીપળીયા નિલેશ લાલજીભાઈ (ચરાડવા)
૧૩. અંજનાબેન પટેલ, સાકરબેન પટેલ, શારદાબેન (નાંદોલ)
૧૪. રાઠોડ શામજીભાઈ (હળવદ)
૧૫. સવિતાબેન પટેલ (વિરાટનગર)
૧૬. સુભદ્રાબેન રમેશભાઈ (કનીપુર)
૧૭. સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)
૧૮. દિના જે. કડીયા (ઈન્દૌર) (એમ.પી.)
૧૯. ગોરધનભાઈ રાઘવજીભાઈ (જામસર)
૨૦. શિંગાળા ગીતાબેન (બાપુનગર)
૨૧. ખિચડીયા રિન્કુ (બાપુનગર)
૨૨. સોની નવિનચંદ્ર છગનલાલ કાત્રોડીયા (રાજકોટ)
૨૩. ચોટલીયા પુષ્પાબેન (ધૂળકોટ)
૨૪. મોખાસણ સ્વા. મંદિર બહેનોનું
૨૫. ખીમજીભાઈ (મોરબી)
૨૬. માધવજીભાઈ (મોરબી)
૨૭. સાં.યો. કંચનબા - મેડા (મહેસાણા)
૨૮. પટેલ કોકીલાબેન, સુભદ્રાબેન (વડુ)
૨૯. પૂજારી જગદીશ ભગત (મોખાસણ)
૩૦. વિસરામ હરજી હિરાણી-લીલાવતી વિસરામ (મેઘપર-કચ્છ)
૩૧. મકવાણાનિતા, રમેશ, નરેન્દ્ર (સાપકડા-હળવદ)
૩૨. કંચનબેન ભગવાનજી પઢીયાર (મોરબી)
૩૩. રામજી પ્રેમજી હાલાઈ (કોડાયતા-કચ્છ)
૩૪. કંચનબેનબાબુભાઈ પટેલ (રતનપર) (મૂળીદેશ)
૩૫. મૃદુલાબેન બી. સોની (નવા વાડજ)
૩૬. પટેલ ગાંડાભાઈ કેશવલાલ (ડઢાણા)
૩૭. સાં.રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર વિરાટનગર)
૩૮. પિયુષ એચ. પટેલ (વિરાટનગર-અમદાવાદ)
૩૯. વિમળાબેનજયંતીભાઈ પટેલ (ચલોડા-જીતબાંનુ)
૪૦. સાં.કોકીલાબા અનેશિષ્ય મંડળ (સુરેન્દ્રનગર)
૪૧. માણેકબેન-શિલ્પાબેન (સ્વા. મંદિર દહેગામ)
૪૨. લાલજી આર. ઠક્કર (વિરાટનગર)
૪૩. પટેલ પ્રવિણભાઈ અંબાલાલ (વડુ)
૪૪. પૂજારી પરેશ ભગત (ધનસુરા સ્વા. મંદિર)
૪૫. સાંખ્યયોગી નાનબાઈ (કેરા - કચ્છ)
૪૬. હસમુખભાઈ સવજીભાઈ ગાબાણી (તુરખા) (ગઢડા દેશ)
૪૭. રમાકાન્ત બ્રહ્મભટ્ટ (વડોદરા)
૪૮. નાનજીભાઈ લખમણભાઈ ગાંગાણી (નવા વાડજ)
૪૯. ગોરધનભાઈ શંકરલાલ પટેલ (સોજા)

નોંધ : પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી. ગયા માસના પ્રશ્નમાં રાવણના પિતાનું નામ પુલસ્ત્યઋષિ નહીં પણ "વિશ્રવા ઋષિ" છે. જે શરત ચૂકથી ખોટું લખાયું છે. ક્ષમ્ય ગણશો. પ્રશ્નોના જવાબ સ્વચ્છ અક્ષરે વંચાય તેવી રીતે તથા નામ વંચાય તેવી રીતે લખીને મોકલવું.

।। ભક્તિસુધા ।।

મહારાજથી મોટા કોઈ નહિ !

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

(૧) શ્રીજી મહારાજને કથાવાર્તાનું તો જાણે નિત્ય વ્યસન હતું. વિચરણ દરમ્યાન પણ કથાવાર્તા સત્સંગ ચાલુ રહેતો. જ્યાં જ્યાં ઉતારો કરે ત્યાં તો અવશ્ય ભાગવતની કથા કરાવે.

એક વખત ગઢપુરના દરબારમાં ભાગવતની કથા વંચાતી હતી. તેમાં દશમસ્કંધ વંચાતો હતો. દશમસ્કંધ એટલે તો શ્રીહરિનું પ્રિય ભક્તિશાસ્ત્ર. તેમાં ગોપીયો તથા ગોપબાળોનું બહુ જ માહાત્મ્ય આવ્યું. ગોપીયો તથા ગોપે ભગવાનને ખરેખરા પ્રસન્ન કર્યા. આવી કથા સાંભળતા સાંભળતા લાડુબાને વિચાર થયો જે ગોપીઓનાં તથા ગોપનાં કેવા મોટાં ભાગ્ય ! જે એમને પરમાત્માનો સાક્ષાત્કાર થયો ! આમ વિચાર કરતાં કરતાં રાત્રે સૂઈ ગયાં.

મધરાત વીતી હશે ત્યાં લાડુબાને લાગ્યું કે કોઈક પોતાના ચરણારવિંદ ચાંપે છે. તેથી તેઓ સફાળા જાગી ગયા. અને પૂછયું "તમે કોણ છો ?" ત્યારે તે બોલ્યાં "અમે વ્રજની ગોપીયું છીએ. અને અમે તમારો મહિમા અતિશે જાણીયે છીએ. જે તમને તો પુરુષોત્તમ નારાયણ પ્રગટ મળ્યા છે અને તમે તો અતિશે મોટાં ભાગ્યવાળા છો, જે આવડા મોટા મહારાજ તમારી સાથે અને તમારી આજ્ઞામાં રહે છે. આજે અમો તમારા ચરણારવિંદની સેવા પામીને ધન્ય થઈ ગયાં."

આટલું કહી ગોપીઓ અદૃશ્ય થઈ ગઈ. ગોપીઓએ આવીને સ્વયં કહ્યું એટલે લાડુબાને મહારાજનો યથાર્થ મહિમા સમજાયો જે સર્વકારણના કારણ શ્રીજી મહારાજ જ છે અને મહારાજથી મોટા બીજા કોઈ નથી એવી પોતાને દૃઢતા થઈ.

(૨) એક દિવસ શ્રીજી મહારાજ લાડુબાને ઓરડે જમવા પધાર્યા. શ્રીજી મહારાજ પાસે લાડુબાએ સુંદર મજાનો ભોજન થાળ મૂક્યો અને પ્રેમથી મહારાજને વિનંતી કરી કે, 'હે મહારાજ ! આપ હવે આરોગો.'

મહારાજ થાળ જમવા લાગ્યા. ત્યાં લાડુબા કહે, "મહારાજ ! ઘણા વખતથી એક સંકલ્પ હતો જે મહારાજને પૂછવું છે. મહારાજ કહે "કહો લાડુબા."

લાડુબા હાથ જોડી વિનંતી પૂર્વક બોલ્યા, "તમને કૃષ્ણાવતારમાં કોણ નવરાવતું ને કોણ જમાડતું ?"

તે સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, "લાડુબા, અમે તમારે ઘરે આટલા વર્ષોથી રહીએ છીએ ને તમે અમારો મહિમા કાંઈ જાણ્યો નહી ! પછી મહારાજ કહે, "અમે સર્વ અવતારના અવતારી છીએ અને ક્યારેય આ પહેલાં આ પૃથ્વી ઉપર આવ્યા નથી ને આવીશું પણ નહીં."

તે સાંભળી લાડુબા હાથ જોડીને મહારાજ ને પગે લાગ્યા અને ગદ્‌ગદ્‌ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા કે, "હે મહારાજ ! આ અબુધ જીવને માફ કરી દ્યો. આજે તમોએ મારી ખોટ ઓળખાવી દીધી."

શ્રીમદ્‌ ભાગવતના દશમ સ્કંધ, પંચમ સ્કંધ તે ભક્તિ શાસ્ત્ર અને યોગશાસ્ત્ર જરૂર છે. પરંતુ આપણે તો મહારાજથી મોટા બીજા કોઈ નથી એવો મહિમા જાણી, શ્રીહરિ સાથે પતિવ્રતાની ભક્તિથી નિરંતર જોડાયેલા રહેવું. શ્રીહરિ સાથે લક્ષ્મીજી અને રાધિકાજીના જેવી અત્યંત શુદ્ધ પતિવ્રતા ભક્તિ રહે, એવી પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રીને પ્રાર્થના કરીએ.

●

ડાંગરવાના જતનબા

- નાનીબેન (બાપુનગર)

દંઢાવ્ય પ્રાંતના ડાંગરવા ગામમાં વેણીદાસ પટેલ નામના શ્રીજી મહારાજના એક આશ્રિત રહેતા હતા. તેમના એક દીકરી હતા નામ જતનબા, તેમને શ્રીજી મહારાજમાં ખૂબ જ હેત હતું. જતનબાના પ્રેમને વશ થઈ શ્રીજી મહારાજ પોતાના પરમહંસો અને હરિભક્તોને લઈ વારંવાર ડાંગરવા પધારતા અને એમને ઘેર ઘણા દિવસ સુધી રોકાતા. એક વખત પોતાના પાંચસો પરમહંસો અને કાઠીઓને લઈ શ્રીજી મહારાજ જતનબાને ઘેર બે માસ સુધી રોકાણા. રોજ સવાર-સાંજ કથાવાર્તાના અખાડા ચાલે અને રોજ નવી-નવી રસોઈઓ જમી-જમાડી સંતો-ભક્તોને આનંદ કરાવતા. ઘરમાં સંગ્રહ કરીને ભરી રાખેલી ઘઉંની કોઠીઓય ખાલી થઈ ગઈ, બાજરીની કોઠીય ખાલી થઈ ગઈ અને હવે જુવારની કોઠીય ખાલી થવા આવી છતાંય શ્રીજી મહારાજ જવાનું નામ જ ન લે ! ભગવાનની

દરેક ક્રિયામાં કંઈક હેતુ હોય છે. ભક્તોની કસોટી કરવાજ જાણે મહારાજ આવી લીલા ના કરતા હોય ! અને ખરેખર એમ જ બન્યું. જતનબાના પિતા વેણીદાસ પટેલની શ્રધ્ધા, ખૂટવા લાગી ! તેઓ વિચારવા લાગ્યા હવે તો જુવાર પણ વાવવા જેટલી રહી છે. અને મહારાજ હવે તો જવાનું કે તો સારુ. અંતર્યામી મહારાજે વેણીદાસ પટેલનો સંકલ્પ જાણી લીધો. બીજે દિવસે સવારે શ્રીજી મહારાજે સંતો-ભક્તોને આજ્ઞા કરી કે - હે પરમહંસો ભક્તો તૈયાર થાવો અને અમારી માણકી પણ તૈયાર કરો.

આ સમાચાર સાંભળતાજ વેણીદાસ પટેલ તો ખૂબજ રાજી થયા કે હાશ ઠીક થયું. પણ પાછો વિચાર કર્યો કે આ જતન વેવલી છે. એ શ્રીજી મહારાજને રોકવાનો પ્રયત્ન કરશે ને પાછી માંડ હાથમાં આવેલી બાજી બગડી જશે. માટે લાવ એને ઘરમાં લઈ જઈ સમજાવી દઉ. અને તે પ્રમાણે વેણીદાસ પટેલે જતનબાને ઘરમાં લઈ જઈ કહ્યુંય ખરૂ, કે જો જે હોં જતન, મહારાજ હવે જવાનું કહે છે તો તેમને રોકતી નહીં જવા દેજે. પછી શ્રીજી મહારાજે જતનબાને બોલાવ્યા ને કહ્યું જતન સાચું બોલ તને ઘરમાં લઈ જઈ તારા પિતાએ શું કીધું ? અને પછી તો જેના હૈયામાં જેવું હોય તેવુંજ આવેને ? એમ જતનબાનો પરાકાષ્ઠાનો પ્રેમ ઢાંક્યો ન રહ્યો અને મહારાજને કહે છે. મહારાજ એ તો મારા પિતા કહે છે કે જો જે મહારાજ જવાનું કહે છે પણ જવા ન દેતી, ગમે તેમ કરી તેમને પરાણે રોકજે હોં, પાસે જ ઉભેલા એમના પિતા આ બધું જ સાંભળી રહેલા, શ્રીજી મહારાજ કહે છે કે જતન મને બધી ખબર છે કે તારા પિતાએ તને શું કહ્યું. વળી વેણીદાસ પટેલ તરફ મુખ કરી શ્રીજી મહારાજ કહે, વેણીદાસ પટેલ તમે શું સંકલ્પ કરો છો ? શું અમે જગતના જીવ છીએ ? અમને તમે ભગવાન નથી સમજતા ? શું અમને કે અમારા સંતો ભક્તોને કોઈ જમાડે અને તેની કોઠીઓ ખૂટી જાય ? અહીં આવો ને બતાવો કે તમારી કેટલી કોઠીઓ ખાલી થઈ ગઈ છે ? એમ કહી શ્રીજી મહારાજ હાથમાં નાની સોટી લઈ ઉભા થયા ને ઘરમાં જઈ ખાલી થયેલી કોઠીયોને સોટી અડાડવા માંડી ત્યાં તો ગજબની વાત બની બધી કોઠીયો ઘઉંથી છલકાઈ ગઈ !

શ્રીજી મહારાજ કહે વેણીદાસ પટેલ અમને કોઈ જે કંઈ આપે એનું અમે અનેક ગણું (અનંતગણું) કરીને પાછું આપીએ છીએ. જાઓ તમારી આ કોઠીઓ કદી ખાલી નહીં થાય ! બસ. વેણીદાસ પટેલ શરમિંદા બની ગયા. હવે શું બોલે ? એકદમ શ્રીહરિના ચરણમાં પડી ગયા અને પ્રાર્થના કરીને કહ્યું પ્રભુ મારી ભૂલ થઈ ગઈ મને માફ કરો. મેં તમારામાં મનુષ્ય ભાવ પરઠ્યો છે મને માફ કરો. શ્રીજી મહારાજ તો દયાના સાગર છે. ગરીબ નવાજ છે, તે ક્યાં કોઈના અવગુણને જોવે છે ? અને જોવા જાય તો શું વિચારવું અકલ્પ્ય છે. કોઈનુંય કલ્યાણ ન થાય. અને ભક્તવત્સલ ભગવાનના મુખમાંથી આશીર્વાદનો ધોધ વહેલા માંડ્યો ! જાવ વેણીદાસ પટેલ જાવ તમારા આ માઢ ઉપરથી ચકલુંય ઉડીને નીકળશે તેનું અમે કલ્યાણ કરીશું. અને અમારા ધામમાં તેડી જશું.

કેટલી બધી અઢળક કૃપા !

શ્રીજી મહારાજે આ પ્રસંગથી આપણને શીખવ્યું કે ભગવાનને અર્થે વાપરવામાં કંઈ ખૂટતું નથી. માટે એની સેવા તો જેટલી થાય તેટલી કરવી જ, લોભ ન કરવો.

●

બાઈઓની સભામાં ભક્તિમાતાના દર્શન

- રાધાબેન રસિકભાઈ ગોળવિયા
(સુરત)

એક સમયે શ્રીજી મહારાજ જયા લલીતા (લાડુબા જીવુબા)ના આગ્રહ અને પ્રેમની લીધે અન્નકૂટનો મહોત્સવ કર્યો. વિધવિધ પ્રકારના પકવાનો બહેનોએ હોંશેહોંશે પ્રેમભક્તિભાવથી તૈયાર કરાવ્યા. બધુંજ તૈયાર થયા પછી શ્રીજીમહારાજે કહેવરાવ્યું કે વાસુદેવનારાયણ આગળ દરેક પકવાનો પૂરો અને ભગવાનને ધરાવવાની પ્રાર્થના કરો. પછી પ્રથમ ગોવર્ધન ઉત્સવ કરીને અન્નકૂટ પુરો. પછી અન્નકૂટ પુરો ગોઠવાય ગયો. ઘંટનાદ થવાથી મહારાજ જોવા પધાર્યા. મહારાજે પધારી પ્રથમ વાસુદેવ નારાયણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને દેવની આરતી ઉતારી. વાસુદેવનારાયણ આગળ બિરાજ્યા. અન્નકૂટમાં રહેલી છપ્પનભોગ વાનગીઓને અનુક્રમે જોઈને પછી મહારાજે બહુ જ વખાણ કર્યા અને રાજી થયા.

પછી શ્રીહરિની પ્રતિમાને લલિતાએ થાળ ધર્યો તે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ આવીને જમ્યા. અને ઉઠ્યા પછી લલિતાએ મહારાજને કહ્યું, કેમ ઉઠ્યા ? બાળપણાના સ્વભાવનો ત્યાગ કરો. પછી મહારાજ ફરી જમ્યા અને જમતા જમતા જયા લલિતાને સંબોધીને પૃથક, પૃથક

પકવાનોના નામ લઈને મહારાજે વખાણ કર્યા. કંદોઈને પણ ન આવડે તેવા પાકો બનાવ્યા છે. તેમ કહી સહુ ઉપર અતિ રાજી થયા.

ત્યારબાદ સંતોની પંક્તિ થઈ મહારાજે સ્વહસ્તે પાંચ વખત પંગતમાં પીરસી ખૂબખૂબ જમાડ્યા. પછી હરિભક્તો ગૃહસ્થ અને પછી બહેનોએ પ્રસાદ લીધો. અને બધુંજ સાફ સફાઈ કરી. બપોર પછી સૌએ જીવુબા વાળા ઓરડામાં સભા કરીને જ્ઞાનવાતો કરી. ત્યારે તે સમયે ઓરડામાં એક અજાણી સ્ત્રી પ્રવેશીને આવવાથી ઓરડામાં તેજ તેજ ભરાઈ ગયું ! તેજના સમૂહમાં એક બાઈને સર્વેએ દીઠા. જેથી મોટેરા લાડુબા અને જીવુબા મહારાજ જ્યાં લીંબુતરૂં નીચે સંતો હરિભક્તો વચ્ચે બિરાજ્યા હતા ત્યાં જઈને પૂછયું. અમારી સભામાં એક બાઈ આવ્યા છે ને ઓરડામાં તેજ તેજ છવાઈ ગયું છે તે કોણ હશે ? ત્યારે મહારાજ કહે તે તો માતુશ્રી ભક્તિમાતા છે. માટે તમો સર્વો તેમને પૂછો કે કેમ પધાર્યા છો ? ને કહેજ્યો કે તમો અહીં રોકાશો ?

પછી લાડુબા જીવુબા આવીને ભક્તિમાતાને પંચાંગ પ્રણામ કરી પગે લાગી પૂછ્યું કે હે ભક્તિમાતા તમો કેમ પધાર્યા છો ? ત્યારે ભક્તિમાતા કહે તમો સર્વે બહેનોએ અન્નકૂટ કર્યો તેમાં બહુજ દાખડો કર્યો તેથી અમો તમોને દર્શન આપવા આવ્યા છીએ. પછી બહેનોએ પૂછ્યું કે આપ અહીં રહેશો ? ત્યારે ભક્તિમાતા કહે - હું તો પતિવ્રતા છું . તે તમો સૌ ધર્મ રાખો તો રહીશું. અમો અને અમારા પુત્ર ઘનશ્યામ મહારાજ પણ અહીં અખંડ રહીશું. ત્યારે સૌ બોલ્યા જે અમે સૌ આપની આજ્ઞા મુજબ ધર્મ રાખીશું. એમ કહી પછી ભક્તિમાતા અંતર્ધાન થઈ ગયા.

ધન્ય છે આવા સ્ત્રી હરિભક્તોને ! કે જેઓએ મહારાજ અને માતા ભક્તિમાતાને રાજી કર્યા અને અખંડ અહીં રહેવાનો વર પામ્યા. આવા માળાના મણકા જેવા સ્ત્રી હરિભક્તોને પંચાગ હજારો પ્રણામ હો.

●

ધરિયાવદ (રાજ.) મંદિરનો બદલાયેલ નવો ફોન નં. (૦૨૯૫૦) ૨૭૦૬૦૯
નાથદ્વારા મંદિરનો નવો ફોન નં. (૦૨૯૫૩) ૫૧૨૩૬૩

શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી જે નિયમાનુસાર દર વરસે ફેબ્રુઆરી માસની છેલ્લી તારીખ પછી પ્રગટ થનાર પ્રથમ અંકમાં જાહેર કરવાની રહે છે.

FROM-IV (SEE RULE : 8)

૧.	**પ્રકાશન સ્થળ**	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
૨.	**પ્રકાશન સમય**	:	માસિક દર મહિને
૩.	**મુદ્રકનું નામ**	:	સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
	રાષ્ટ્રીયતા	:	હિન્દી
	સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.
૪.	**તંત્રીનું નામ**	:	સ.ગુ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી
	રાષ્ટ્રીયતા	:	હિન્દી
	સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.
૫.	**માલિક**	:	**શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.**
	(સંસ્થાપક)		**આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**
	રાષ્ટ્રીયતા	:	હિન્દી
	સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

હું શા. સ્વામી નિર્ગુણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

સહી : શા.સ્વામી નિર્ગુણદાસજી, મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
(પ્રકાશકની સહી)

સત્સંગ સમાચાર

સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૪મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈને પધરાવેલા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ - શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવનો વાર્ષિક પાટોત્સવ તા. ૨-૩-૨૦૦૬ ફાગણ સુદ-૩ના શુભદિને ધામધુમથી અને અદકેરા ઉત્સાહથી ઉજવાયો હતો.

મંગલ પ્રભાતે મંગળા આરતી બાદ યજમાન પરિવારને ઠાકોરજીનું મંગલ પૂજન વિદ્વાન વિપ્રોએ કરાવ્યું હતું. ત્યારબાદ મંગલ મુહૂર્તમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને વડતાલથી પધારેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે પ્રગટ સ્વરૂપ શ્રી નરનારાયણાદિક દેવને વેદના મંત્રોચ્ચાર સાથે પંચામૃત મહાઅભિષેક અને વિવિધ ઔષધિઓ સહિત કેશર જળથી સ્નાન કરાવીને ષોડશોપચારથી પૂજન કરવામાં આવ્યું. જેના હજારો સંત હરિભક્તોએ નેણા ભરીને દર્શન કર્યા હતા. તે સમયે ૧૮૪ વર્ષ પહેલાની દિવ્યતાના જાણે દર્શન થતા હતા. શણગાર આરતી બાદ પ્રસાદીના સભામંડપમાં દેશોદેશથી પધારેલા પૂજનીય સંતો અને દેશ-વિદેશથી પધારેલા હજારો હરિભક્તોની વિશાળ સભામાં અમદાવાદ, વડતાલ બન્ને દેશના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી જ્યારે સભામાં બિરાજ્યા ત્યારે સભાની દિવ્યતા અને ભક્તજનોનો આનંદ ઉભરાતો દશ્યમાન થતો હતો ! સભામાં યજમાન પ.ભ. કસ્તુરચંદ પોપટલાલ ઝીઝુંવાડિયા સોની સહ પરિવારે બન્ને દેશના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવથી પૂજન કરીને દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો. અને બન્ને દેશના સંતોને ધોતીયા ઓઢાડ્યા હતા. સભામાં અમદાવાદ દેશ અને વડતાલ દેશના વિદ્વાન સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. ત્યારબાદ બન્ને દેશના આચાર્ય મહારાજશ્રીએ રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સફળ સભાનું સંચાલન પૂ. મહંત સ્વામીએ કર્યું હતું. ત્યારબાદ દેવોને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો. જેની આરતી બન્ને આચાર્ય મહારાજશ્રીએ ઉતારીને હજારો ભક્તજનોને દિવ્ય દર્શનનો લાભ આપ્યો હતો. પ.પૂ. સમસ્ત ધર્મકુળ પરિવાર અને બન્ને દેશના મોટી સંખ્યામાં પધારેલા પૂ. સંતો અને હરિભક્તોને યજમાન પરિવાર તરફથી સુંદર મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. પાટોત્સવના આયોજનમાં પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી કોઠારી ધર્મપ્રકાશ સ્વામી, શા. ગોલોકવિહારી સ્વામી, કોઠારી આનંદપ્રસાદદાસજી કાંકરીયા, સત્યપ્રકાશ સ્વામી, વિશ્વવલ્લભ સ્વામી, રાજેન્દ્રપ્રસાદ સ્વામી, અન્નકૂટ વ્યવસ્થામાં પૂ. ઉત્તમપ્રિય સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી તથા *સત્યસ્વરૂપ સ્વામીએ ભારે જહેમત* ઉઠાવીને ઉત્સવને શોભાવ્યો હતો.

(સત્યપ્રકાશ સ્વામી)

શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શિક્ષાપત્રીજયંતી ઉજવાઈ

સર્વોપરિ સર્વાવતારી ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના દિવ્ય સાનિધ્યમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ આશ્રિતોના કલ્યાણ અને મોક્ષ માટે સર્વોપરિ શિક્ષાપત્રી સંવત ૧૮૮૨ના મહા સુદ-૫ વસંત પંચમીના લખેલી. મંદિરના પ્રસાદીના સભા મંડપમાં પૂ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી અને સંત-હરિભક્તોની વિશાળ સભામાં સ.ગુ. પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજીએ શિક્ષાપત્રી શ્લોકોનું સંસ્કૃત-ગુજરાતીનું પઠન કર્યું હતું. જે સર્વે સંતો-હરિભક્તો પણ ઝીલતા હતા. આ પ્રસંગનું વાતાવરણ ખરેખર દિવ્ય અને અલૌકિક લાગતું હતું. શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો મૂળી અને ભુજ વસંત પંચમીના સમૈયા પ્રસંગે પધાર્યા હતા.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી પાટોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવે જ્યાં તપ કરેલ તે દિવ્ય મહાન તીર્થ ભૂમિ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણને ૧૦ વર્ષ પૂર્ણ થતા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આજ્ઞાથી અને મંદિર નિર્માતા મહાન સંત વિભૂતિ અ.નિ. પૂજ્ય ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી દશાબ્દી પાટોત્સવ ઉજવવાનું આયોજન થયું હતું. મહા વદ-૫ના ઠાકોરજીનો દશાબ્દી પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર રીતે ધામધુમથી સંપન્ન થયો હતો. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને દર્શન કરી તૃપ્ત થયા હતા. આ પ્રસંગે સાધુ ઘનશ્યામપ્રકાશદાસના વક્તાપદે વિદુર નીતિ પારાયણ તા. ૧૫-૨-૦૬ થી ૧૯-૨-૦૬ પર્યન્ત યોજાઈ હતી. હરિભક્તોએ મન મુકીને કથાને માણી અને જીવનમાં ઉતારી હતી. હરિભક્તો પણ સેવામાં અગ્રેસર રહ્યા હતા. પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. સાંકળચંદ ઉમેદરામ પટેલ પરિવાર, પારાયણના યજમાન અ.નિ. પ.ભ. છગનલાલ રણછોડદાસ ઝાલા પરિવાર અને સુવર્ણકળશ અને છેલ્લા દિવસે રસોઈના યજમાન અ.નિ. પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ શિષ્ય મંડળ અમદાવાદ અને અ.નિ.પ.ભ. વિઠ્ઠલભાઈ સોમચંદ શાહ (વકીલ) પરિવાર રહ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મવંશી પરિવારના દર્શન-આશીર્વાદ પામીને હરિભક્તો ધન્ય ધન્ય બન્યા હતા.

(સાધુ પૂર્ણપ્રકાશદાસ)

સહજાનંદ ગુરુકુળ અસારવામાં જ્ઞાનોત્સવ તથા વાલી સંમેલન ઉજવાયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરની માલિકીના આ ગુરુકુળમાં તા. ૨૫-૨-૦૬ના શુભ દિને શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવાના પટ્ટાગણમાં વાલી સંમેલન તથા જ્ઞાનોત્સવ ખૂબ ઉત્સાહથી

ઉજવાયા હતા.
પ.પૂ. મોટા મહારાજશ્રી પોતાની એ બાળ ક્રિડાગણની ભૂમિમાં ખૂબ આનંદિત ચહેરે પધારીને આશીર્વાદ પાઠવ્યા હતા.
સવારે ૯-૦૦ થી સાંજના ૪-૦૦ કલાક સુધી ગુરુકુળના સિ.કે.જી., જુ.કે.જી. ઉપરાંત ધોરણ ૧ થી ૭ પ્રાથમિક શાળા તથા ૮ થી ૧૦ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ પ.પૂ. મોટા મહારાજશ્રી, કાલુપુરથી પધારેલા પૂ. સંતો તથા વાલીઓની સમક્ષ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, આસન, પિરામિડ, રાસ, નાટક, પ્રશ્નોતરી આદિ કાર્યક્રમ કરીને સૌના આશિષ પ્રાપ્ત કર્યા હતા. વાલીઓને ગુરુકુળની પ્રવૃત્તિ અંગે સુંદર પ્રતિભાવ આપ્યા હતા. બપોરે ઠાકોરજીનો મહા પ્રસાદ સૌને આપવામાં આવ્યો હતો. સંચાલકશ્રી શા.સ્વામી નિર્ગુણદાસજીની આજ્ઞાથી ગુરુકુળ પરિવાર તથા શિક્ષકગણે સુંદર આયોજન કરીને ભારે જહેમત ઉઠાવી હતી.

(રમેશ પટેલ)

એપ્રોચ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ શાકોત્સવ અને પ્રથમ પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનથી અને કથાવાર્તાથી ધમધમતો રહ્યો હતો. બાપુનગરના હરિભક્તોએ પરિવાર સહિત લાભ લીધો. બહેનોના મંદિરના લાભાર્થે ઝોળી ફેરવવામાં આવી હતી.

તા. ૮-૧-૦૬ના સવારના ૭-૩૦ થી બપોરના ૧૨-૦૦ પર્યન્ત પ.ભ. વાસુદેવભાઈ ગજ્જરના માતુશ્રી અ.નિ. રૂક્ષ્મણીબેનના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી મહામંત્ર ધૂન અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૨-૧-૦૬ના રોજ ભવ્ય શાકોત્સવ પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા-થી અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીના શુભ હસ્તે ઉજવાયો હતો. ધામોધામના સંતોએ અને હજારો હરિભક્તોએ આ પ્રસંગને માણ્યો હતો.

અત્રે મંદિરમાં વિરાજમાન બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પ્રથમ પાટોત્સવ તા. ૫-૨-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર રીતે સંપન્ન થયેલ.

આ પ્રસંગના ઉપલક્ષમાં સમૂહમહાપૂજા અને ત્રિદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. બાપુનગર અને આજુબાજુના વિસ્તારના હજારો હરિભક્તોએ કથાનો અને દર્શનનો મહાલાભ લીધો હતો. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે અનેક ધામોના સંતો પધાર્યા હતા. પાટોત્સવના યજમાનપદે પ.ભ. હરજીભાઈ વાલજીભાઈ માણીયા પરિવારે લાભ લઈ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને રાજીપો મેળવ્યો હતો. ખરેખર એપ્રોચ મંદિરમાં આવા ઉત્સવોથી હરિભક્તોને મોટું બળ-પ્રેરણા મળી હતી.

ગામડી ગામમાં પધારેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

સ.ગુ. આનંદાનંદ સ્વામીના પ્રસાદીના તીર્થસ્થળ ગામડીગામમાં દર વર્ષે સાંપ્રદાયિક ઉત્સવનું ધામધુમથી આયોજન થાય છે. સર્વોપરિ શ્રીહરિએ આ ગામ અને ઘરોઘર ને પોતાના દિવ્ય ચરણોથી પાવન કરેલ છે. આ ગામને સ.ગુ. આનંદાનંદ સ્વામીના દિવ્ય આશીર્વાદ મળેલા છે. ભગવાન પાસે તેઓએ આ ગામની ભૂમિમાં જે કોઈ મૃત્યુ પામે તેને યમનું તેડુ ન આવે અને ભગવાન પોતે તેડી જાય. જે અદ્યાપિ પર્યન્ત જોવા મળે છે. અહીંનું શ્રીસ્વામિનારાયણ મંદિર સ.ગુ. આનંદાનંદ સ્વામીએ બંધાવીને મોક્ષનું દ્વાર ખુલ્લુ મુક્યું. અહીંના વિરેશ્વર મહાદેવ અને ગામડીયા હનુમાનજી ખૂબજ ચમત્કારી અને હાજરા હજુર છે. આ ગામ જેતલપુર મંદિરના તાબાનું છે. અહીંનો સત્સંગ શ્રીનરનારાયણદેવનો નિષ્ઠાવાળો સત્સંગ છે. પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના ધર્મકુળ પરિવારનો ગામ પર ખૂબજ રાજીપો છે.

તા. ૨૫-૧-૨૦૦૬ના અત્રેના પ્રસિદ્ધ અને શ્રીજી મહારાજના પ્રસાદીના વારાહી માતાના મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પ્રાણ પ્રતિષ્ઠા કરીને દિવ્ય લાભ આપ્યો હતો. ગામના હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું અભૂતપૂર્વ સ્વાગત સામૈયું કરી આશીર્વાદ મેળવ્યા હતા. જેતલપુર મંદિરના પૂ. પી.પી. સ્વામી અને મહંત શા. સ્વામી આત્મપ્રકાશ-દાસજીની પ્રેરણાથી સમગ્ર આયોજન ધામધુમથી થયું હતું. જીર્ણોધ્ધાર સમિતિના પ્રમુખશ્રી જોગેશભાઈ રમણભાઈ પટેલે સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

આ પ્રસંગમાં મુખ્યદાતા શ્રી અરવિંદભાઈના પુત્ર શ્રીમનોજભાઈ, શ્રીહસમુખભાઈ ભગત અને શ્રી જોગેશભાઈએ પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રી પ.ભ. રમણભાઈ નાથાભાઈ પટેલ (યોર્ક પ્રિન્ટર્સ)ને ત્યાં પ્રસાદ ગ્રહણ કરી પ.ભ. અરવિંદભાઈ ભલાભાઈને ત્યાં પધરામણી કરી અમદાવાદ પધાર્યા હતા.

ચલોડા (જીતબા) (ઘોળકાદેશ)

અત્રે પ્રસાદીના જીતબાના ચલોડા ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આખો ધનુર્માસ શ્રીહરિ નામ મહામંત્ર ધૂન કરીને હરિભક્તોએ ધામધુમથી ઉજવેલ. ગામના દરેક હરિભક્તો વહેલી સવારમાં ધૂનનો લાભ લઈ ધન્યતા અનુભવતા હતા.

શિરોહી શ્રી સ્વામિનારાયણ મંદિર

રાજસ્થાનના શિરોહી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સાધુ અક્ષરપ્રકાશદાસની પ્રેરણાથી આખો ધનુર્માસ મહામંત્ર ધૂન કરી હરિભક્તોએ સમૂહમાં ઉજવ્યો હતો.

(છોગાલાલ)

પોર (જી. ગાંધીનગર) મંદિરમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અ.નિ. સ.ગુ. શા.સ્વા. નારાયણપ્રસાદદાસજી તથા અ.નિ. સ.ગુ. સ્વામી ત્રિકમચરણદાસજી, અ.નિ. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી અને પાર્ષદ મોતી ભગતના સ્મરણાર્થે તેમના શિષ્ય સ.ગુ. સ્વામી ધર્મજીવનદાસજીએ કોઠારી પાર્ષદ ડિગંબર ભગતના સાથ સહકારથી પોર ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૩-૧-૦૬ થી ૨૯-૧-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે સંગીતમય શૈલીમાં સુંદર રીતે સંપન્ન થયેલ. સહિંતાપાઠના વક્તા પુરાણી સ્વા. હરિસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી (જુનાગઢ) શા.સ્વા. સત્યસ્વરૂપદાસજી (સુ.નગર) વિરાજ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ બન્ને ગાદીવાળાશ્રી એ પધારીને દર્શન-આશીર્વાદનું અલૌકિક સુખ આપી ભક્તજનોને રાજી કર્યા હતા. સ્વામી ધર્મજીવનદાસે પરંપરામાં મળેલા પ્રસાદીના ચરણારવિંદ અને 'મૂર્તિ' શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરી હતી. કથાની પૂર્ણાહુતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કરીને સ્વામી ધર્મજીવનદાસજી ઉપર અતિ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે વિવિધ સેવામાં બ્ર.સ્વા. પૂજારી રાજેશ્વરાનંદજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્ય) સ્વામી જયપ્રકાશદાસજી, કોઠારી ડિગંબર ભગત, સ્વામી હરિચરણદાસજી વગેરે સંતો જોડાયા હતા. નાના પી.પી. સ્વામીએ સભા સંચાલનનું કાર્ય સંભાળ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ ધામોથી સંતો મહંતોએ પધારીને કાર્યક્રમને શોભાવ્યો હતો. આજુબાજના ગામો ઝુંડાલ, ધમાસણા, ઉનાવા, ચાંદખેડા, અંબાપુર, વાવોલ અને કુડાસણ વગેરે ગામોના ભક્તોએ કથાવાર્તાનો અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય થયા હતા.

શ્રીહરિના પ્રસાદીના ગવાડા ગામે ભક્ત ચિંતામણી પારાયણ

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સ.ગુ. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રેના ગામે અ.નિ. રૂક્ષ્મણીબેન રેવાભાઈના સ્મરણાર્થે તા. ૧૭-૧૨-૦૫ થી ૧૯-૧૨-૦૫ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રી ભક્તચિંતામણી (પરચા વિભાગ) પારાયણ શા. સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે ધામધુમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પ.ભ. રેવાભાઈ રણછોડદાસ પટેલની જીવત ચર્યા પણ રાખવામાં આવેલી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને યજમાન પરિવાર અને ગામના સમસ્ત હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગનું આયોજન પ.ભ. રેવાભાઈ પટેલના પુત્રો કાનજીભાઈ, રમણભાઈ, જયંતીભાઈ અને રમેશભાઈએ કર્યું હતું. કથા પ્રસંગનાં સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંતશ્રી) પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્ય) અને શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી આદિ સંતોએ પધારીને પ્રસંગને દિપાવ્યો હતો.

ઘોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ઉજવાયો

સર્વોપરિ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે મંદિરમાં પ્રભાતના સુંદર સોહામણા દિવ્ય વાતાવરણમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સંત-હરિભક્તોનો મોટા સમૂહ સાથે ગવાતી ત્યારે ખરેખર આખો માસ ધૂનમાં લાભ લેનાર ખરેખર ધન્ય બન્યા હતા. સ.ગુ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજી તથા મહંત વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગ દર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા

પ્રસાદીના દિવ્ય મારૂતિનંદનના અલૌકિક સાનિધ્યમાં અને શ્રીહરિના ધર્મવંશી પરિવારના આશીર્વાદથી શ્રી પ્રભા હનુમાનજી મહારાજના વાર્ષિક પાટોત્સવ ના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિ જીવન પારાયણ સાધુ પૂર્ણપ્રકાશદાસે સુમધુર વાણીમાં કરી હતી. પૂર્ણાહુતિના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં હજારો ભાવિકો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(સાધુ વિજયપ્રકાશદાસ)

ગોઝારીયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી વડનગરના સ્વામી સત્યસંકલ્પદાસની પ્રેરણાથી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોના સાથ સહકારથી તા. ૧૮-૧૨-૦૫ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં મેઉ, સમૌ, સોજા, બાલવા, વિસનગર આદિ ગામના હરિભક્તોએ લાભ લીધો હતો. મુખ્ય યજમાન શ્રી ઘનશ્યામભાઈ (હેડમાસ્તર) રહ્યા હતા. શા.સ્વા. આનંદજીવનદાસજી (હિંમતનગર મહંત) તથા શા. સ્વામી ઉત્તમપ્રિયદાસજી (મહેસાણા મહંત)એ શ્રીહરિ અને ધર્મકુળ માહાત્મ્ય વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું.

વહેલાલ મંદિરમાં શાકોત્સવ ઉજવાયો

શ્રીજી મહારાજના અલૌકિક પ્રસાદીના તીર્થધામ વહેલાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૮-૧-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેના દર્શન હજારો ભક્તજનોએ કરીને દિવ્યતા અનુભવી. નારણઘાટ મંદિરના સાધુ ઘનશ્યામપ્રકાશદાસે શાકોત્સવનો મહિમા અને ધર્મકુળનું માહાત્મ્ય પોતાની સુંદર વાણીમાં સમજાવ્યું હતું. ખરેખર અદ્‌ભૂત દર્શન હતા. *(શ્રી ન.ના.યુ.મંડળ વહેલાલ)*

સોજા શ્રી સ્વામિનારાયણ મંદિર
શતાબ્દી મહોત્સંવ ઉજવાયો

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી હરિચરણદાસજી ગુરુ અ.નિ. પુરાણી સ્વામી વાસુદેવચરણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી સોજા ભાઈઓના શ્રી સ્વામિનારાયણ મંદિરનો શતાબ્દી મહોત્સવ તથા બહેનોના મંદિરનો રજત જયંતી મહોત્સવ, પ્રસાદીની છત્રીનો જિર્ણોધ્ધાર અને શ્રી હનુમાનજી મહારાજના નૂતન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૫-૨-૦૬ થી ૧૧-૨-૦૬ પર્યન્ત શ્રી રામપારાયણ, શ્રી મારૂતિયજ્ઞ ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, મહાપ્રસાદ, વ્યસન મુક્તિ અભિયાન, રક્તદાન શિબિર અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રામ પારાયણના વક્તા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી રહ્યા હતા. સહિંતા પાઠી સંતોમાં શ્રી સુનીલભાઈ શાસ્ત્રી, સ્વામી હરિપ્રસાદદાસજી અને સ.ગુ. પુરાણી હરિસ્વરૂપદાસજી રહ્યા હતા. આ ગામના ભાવિક શ્રધ્ધાળુ હરિભકતોએ વિવિધ પ્રસંગમાં યજમાન બની મહા લાભ પ્રાપ્ત કર્યો હતો. પૂર્ણાહુતિના તા. ૧૧-૨-૦૬ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને કથાની પૂર્ણાહુતિ અને મંદિરમાં ઠાકોરજીની આરતી શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા અને પ્રસાદીની છત્રીમાં ચર્ણાવિંદ પધરાવી આરતી ઉતારી હતી. અને પ્રાસંગિક સભામાં યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. હરિભક્તોના આગ્રહભર્યા આમંત્રણથી પ.પૂ. મોટા મહારાજશ્રી પણ પધાર્યા હતા. અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપ્યા હતા. જગન્નાથજી મંદિરના મહંત પૂ. રામેશ્વરદાસજીએ પધારીને પ્રસંગને શોભાવ્યો હતો. સભા સંચાલન સ.ગુ. નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું. અન્ય સહભાગી સંતોમાં બ્ર. પૂ. સ્વામી રાજેશ્વરાનંદજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્ય), સ્વા. સૂર્યપ્રકાશદાસજી, સ્વામી બાલસ્વરૂપદાસજી, સ્વામી જયપ્રકાશદાસજી, અને કોઠારી ડિગંબર ભગત આદિ સંત-પાર્ષદ મંડળ જોડાયા હતા. સતત સાત દિવસ પર્યન્ત ગ્રામજનો અને આજુબાજુના હરિભક્તોએ કથા શ્રવણ અને દેવ આચાર્ય અને સંતોના દર્શનનો લાભ લીધો હતો. *(બ્ર. પૂ. ૨ા)*

શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આજ્ઞા આશીર્વાદથી તથા સ્વામી શ્રીવલ્લભદાસજી (માણસા) અને નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી બાપુપુરના ભાઈઓ અને બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરને ૨૫ વર્ષ પુરા થતા રજત જયંતી મહોત્સવ અને તેના ઉપલક્ષમાં તા. ૧૧-૨-૦૬ થી તા. ૧૫-૨-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી ના વક્તા પદે સંગીત મય શૈલીમાં સંપન્ન થઈ હતી. બીજા અન્ય કાર્યક્રમોમાં શ્રીમહા વિષ્ણુયાગ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે સુંદર રીતે સંપન્ન થયા હતા. સમસ્ત ધર્મકુળ પરિવારે પધારીને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. તા. ૧૫-૨-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. પ.પૂ. મહારાજશ્રીએ બન્ને મંદિરમાં ઠાકોરજીની આરતી-યજ્ઞની પૂર્ણાહુતિ અને પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. પ્રાસંગિક સભામાં પૂ. મહારાજશ્રીએ યજમાન પરિવારો શ્રી જોઈતાભાઈ હાથીભાઈ ચૌધરી, શ્રી ભીખાભાઈ જોઈતાભાઈ ચૌધરી, શ્રી રમણભાઈ મોહનભાઈ ચૌધરી, શ્રી સોમાભાઈ ગોવાભાઈ ચૌધરી અને ગામ સમસ્તને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ.ભ. જેસંગભાઈ અને ગામના સત્સંગી સમાજ અને ગ્રામજનોએ ખૂબજ સેવા કરી હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ

તા. ૧૨-૧-૦૬ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેના યજમાન પ.ભ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર અને પ.ભ. વાલજીભાઈ ધરમશીભાઈ ગાંગાણી રહ્યા હતા.

પ્રાસંગિક સભામાં સ્વા. ઘનશ્યામ-પ્રકાશદાસ, સ્વામી શ્રીજીપ્રકાશદાસ અને સ્વામી સત્યપ્રકાશદાસે મહિમા સહિત શાકોત્સવનું વર્ણન કર્યું હતું. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. વસંતપંચમીના પણ મંદિરમાં શિક્ષાપત્રી શ્લોક પઠન આદિ કાર્યક્રમ સંપન્ન થયા હતા.

જીવરાજપાર્ક મંદિર

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૪-૨-૦૬ના રોજ સાંજે ૬-૩૦ વાગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સેટેલાઈટ, વાસણા, પાલડી વિસ્તારના હજારો હરિભકતોએ શાકોત્સવ અને પ.પૂ. મહારાજશ્રીના દર્શનનો લાભ લીધો હતો.

હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને અત્રેના મહંત શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજીની પ્રેરણાથી હિંમતનગરથી ટોરડા મંદિર ૬૦ કિલો મીટરની સંત-હરિભક્તોની પદયાત્રા યોજી હતી. શ્રી સ્વામિનારાયણ ધૂન કરતા પ્રથમ ધૂળેટા જલારામ મંદિરમાં પ.ભ. અમીચંદભાઈ પ્રજાપતી તરફથી અને બીજા દિવસે પ.ભ. રમણભાઈ પટેલ તરફથી ટોરડા મંદિર ઠાકોરજીને થાળ અને સંતોને રસોઈ આપવામાં આવેલ. ટોરડાના મહંત સ્વામીએ પદયાત્રીઓનું સુંદર સ્વાગત કર્યું હતું.

દહેગામમાં શાકોત્સવ

દહેગામ શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૫-૨-૨૦૦૬ના રોજ ભવ્ય

શાકોત્સવ મહોત્સવનું આયોજન કરેલ તેમાં હરિભક્તોએ પ્રસાદનો લાભ લીધેલ હતો.
(કોઠારી અરવિંદભાઈ એચ. અમીન)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળીમાં વસંત પંચમીનો સમૈયો ઉજવાયો

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ આદિ સ્વરૂપોનો પાટોત્સવ-મહાભિષેક મહાસુદ-૫ વસંત પંચમીના સુપ્રભાતના સુંદર મનોહર દિવ્ય વાતાવરણમાં શ્રીહરિના ૭માં અને ૮માં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી વેદવિધિસર રીતે સંપન્ન થયેલ. આ પ્રસંગના દર્શન કરવા ઝાલાવાડ, હાલાર અને સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી દેશના દરેક ગામોના ભક્તો પધાર્યા હતા. શ્રી રાધાકૃષ્ણદેવના પૂજારી સ્વામી જયપ્રકાશદાસજી અને સંત મંડળે અભિષેક પ્રસંગે ઠાકોરજીની અને ધર્મવંશી ની સુંદર સેવા કરીને રાજીપો મેળવ્યો હતો.

પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોમાં પુરાણી સ્વામી રામકૃષ્ણદાસજી અને સાધુ ઘનશ્યામપ્રકાશદાસે (નારાયણઘાટ) મૂળી મંદિર, દેવ, આચાર્ય અને સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો મહિમા માહાત્મ્ય વર્ણવીને દ્રષ્ટાંત સહિત સમજાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ એવા અદ્‌ભૂત-દિવ્ય અને કલ્યાણકારી આશીર્વાદ આપ્યા હતા. ખરેખર આ આશીર્વાદ જેના જીવમાં ઉતર્યા તેનું નિશ્ચે કલ્યાણ થઈ ચૂક્યું છે.

બપોરના ૧૨-૦૦ કલાકે મંદિરના વિશાળ પટાંગણમાં શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ હજારો સંત-હરિભક્તો સાથે રંગે રમીને સૌને એવા ભીંજવી દીધા કે આખું વરસ તેને આ દિવ્ય પ્રસંગનોજ કેફ રહે તેવા ભીંજવ્યા હતા. મૂળીના રંગોત્સવના દર્શનનો લાભ ભાગ્યશાળીનેજ મળે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી રંગોત્સવ રમીને પ્રસાદ ગ્રહણ કરીને સ્વસ્થાન પધાર્યા હતા. અત્રેના મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શનથી કોઠારી જે.પી. સ્વામી, ભાનુ સ્વામી આદિ સંત મંડળે સુંદર સેવા બજાવી હતી.
(શા. પૂર્ણપ્રકાશદાસ, નારાયણઘાટ)

વિદેશ સત્સંગ સમાચાર

શિકાગો (I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શિક્ષાપત્રી જયંતી ઉત્સવ

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા-આજ્ઞાથી અને મહંત શા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતી પ્રસંગે શિક્ષાપત્રીનું સમૂહ વાચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ક્રમનુંસાર દરેક હરિભક્તોએ શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન કર્યું હતું. શાકોત્સવ પ્રસંગ ધામધુમથી ઉજવ્યો હતો. ઠાકોરજીને પૂજારી સ્વામીએ શાકોત્સવનો વઘાર કરતા અદ્‌ભૂત દર્શન કરાવ્યા હતા. ઉચ્છવ મંડળના સભ્યો શ્રી રાજુભાઈ, શ્રી વેદાંતભાઈ, શ્રી નરેશભાઈ, શ્રી નાના ભગત, શ્રી ઠાકોરભાઈ, મોટા ભગત, શ્રી વિષ્ણુભાઈ, શ્રી ધીરુભાઈ વગેરે ઘણા હરિભક્તોએ કીર્તન ભક્તિ સમૂહમાં કરી હતી. સભામાં પૂજારી સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ શાકોત્સવનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું. પ.ભ. જગદીશભાઈએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં દરેક હરિભક્તને સેવા કરવા અનુરોધ કર્યો હતો. મહંત સ્વામીએ યજમાનોનું સ્વાગત કર્યું હતું. દરેક હરિભક્તોએ આ પ્રસંગે સેવા કરીને શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ વિશેષ ચાલી રહી છે.

લોસ એંજલસ (I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વસંત પંચમી ઉજવાઈ

આપણા લોસ એંજલસ (I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી વસંત પંચમીની સભામાં મહંત સ્વામી કેશવચરણદાસજી અને ઘનશ્યામ સ્વામીએ હરિભક્તો સાથે શિક્ષાપત્રીનું સમૂહ વાચન કરીને ક્રમ મુજબ પૂજન અર્ચન કરાવીને શિક્ષાપત્રીનું મહિમા-માહાત્મ્ય વર્ણવ્યુ હતું. ૧૨ ફેબ્રુઆરીના ભવ્ય શાકોત્સવ કરીને ઠાકોરજીને શાકનો વધાર કરતા શૃંગાર દર્શન કરાવ્યા હતા. સભામાં સંતો દ્વારા કથા વાર્તા અને શાકોત્સવનો મહિમા અને મહામંત્ર ધૂન કરીને ઠાકોરજીને થાળ-આરતી કરીને પ્રસાદ આપવામાં આવ્યો હતો. સેંકડો હરિભક્તોએ સેવાનું સુંદર ઉદાહરણ પુરુ પાડ્યું હતું. સૌને દર્શનનું પણ સુંદર સુખ મળ્યુ હતું. ધર્મવંશીની કૃપાથી આવી રીતે દરેક ઉત્સવ ધામધુમથી ઉજવાય છે.

વોશિંગ્ટન (ડી.સી. I.S.S.O. ચેપ્ટર)

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અત્રે દર માસે નિયમિત સત્સંગ સભા થાય છે.

૨૮ જાન્યુ.ના શનિવારે સાંજે ૨॥ કલાક સભામાં કથા-વાર્તા કીર્તન-ભક્તિ નિત્ય-નિયમ ઠાકોરજીને થાળ-આરતી કરવામાં આવેલ. હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સભાનો લાભ લીધો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા ચેપ્ટર)

અત્રે આપણા શ્રી સ્વામિનારયણ મંદિર સીડનીમાં તા. ૪-૧૨-૦૫ના રોજ પ.ભ. અંજલેશભાઈ પટેલ તરફથી સત્સંગ સભા થઈ હતી. દર બીજા અને ચોથા રવિવારે શ્રી સ્વામિનારાયણ સિરિયલની સીડી સભામાં બતાવવામાં આવે છે. તા. ૧૮-૧૨-૦૫ના શ્રી વ્રજ મારુએ વચનામૃતનું સભામાં વાચન વિવેચન કર્યું હતું.

તા. ૨-૧-૦૬ના આપણા મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા ભૂજ મંદિરના સંતોએ શ્રીહરિકૃષ્ણ મહારાજને કેશર મિશ્રિત જળથી અભિષેક કરીને પાટોત્સવ ઉજવ્યો હતો. પ.ભ. બિરેનભાઈ દેસાઈ પાટોત્સવના યજમાન બન્યા હતા. શ્રી અમૃતદાદાએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા-માહાત્મ્ય કહ્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સરસ ચાલી રહી છે.
(તેજસ બી. પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૫૧-૦૦	શ્રી ભાસ્કરભાઈ નટવરભાઈ પટેલ ચિ. ભૂમિકાના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૫૧-૦૦	શ્રી અમૃતભાઈ પ્રહલાદભાઈ પટેલ ચિ. ભાવિકાબહેનના લગ્ન પ્રસંગે	કોઠા
૧૦૧-૦૦	શ્રી બાબુલાલ કેશવલાલ ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે	(જામસર) સુરત
૧૦૧-૦૦	શ્રી હર્ષિતભાઈ નરેન્દ્રભાઈ દવે અમેરિકામાં પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	કેનેડા
૧૦૧-૦૦	શ્રી કા. વિધિબેન ગોપાળભાઈ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	રાબડીયા
૧૦૧-૦૦	શ્રી મગનભઈ વેલજીભાઈ ગાંગાણી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી સી. કે. પટેલ ચિ. નિલમબેનના ૭-૨-૦૬ના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પરેશકુમાર ગોપાળભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પરાગકુમાર ઘનશ્યામભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	યુ.કે. (કનીપુરવાળા)
૧૦૧-૦૦	શ્રી ધરમશીભાઈ લધુભાઈ ચિ. હરિકૃષ્ણ અને મધુબેનના લગ્ન પ્રસંગે	ઘૂળકોટ
૧૦૧-૦૦	શ્રી દિપકકુમાર દયાળજીભાઈ વરૂ ડિપ્લોમાં એન્જી. થયા તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી ભાવનાબેન ભીખાભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	કડી
૧૦૦-૦૦	શ્રી કિરણ ગોવિંદભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	(કનીપુરવાળા) અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી મિતેશ ગોવિંદભાઈ પટેલ બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ ગોપાળદાસ પટેલ ચિ. તેજસ્વીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	અ.નિ. શ્રી નારાયણભાઈ ગોવિંદભાઈ સુહાગીયાના સ્મરણાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ડૉ. બંકિમ કે. મોદી તેજર્સ સર્જીકલ હોસ્પિટલ શ્રીજી પ્રસન્નાર્થે	કુકરવાડા
૧૦૦-૦૦	ઋદ્ર દેવેન્દ્ર પટેલ જન્મ પ્રસંગે	કુબડથલ
૫૦૦-૦૦	શ્રી છાયાબેન ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૫૧-૦૦	શ્રી અમૃતલાલ લાધાભાઈ મકવાણા શ્રીજી પ્રસન્નાર્થે	પૂના
૧૦૧-૦૦	શ્રી પુષ્પાબેન દેસાઈ જન્મ દિવસ પ્રસંગે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી અરવિંદભાઈ કોઠારી ચિ. ચેતનકુમારને યુ.કે.ના વિઝા મળ્યા તે પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ ચંદુભાઈ પટેલ મહિપત બંગ્લોઝના વાસ્તુ પ્રસંગે	કણભા
૧૦૧-૦૦	અ.નિ. રતીલાલ પૂંજાલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી કમલેશભાઈ જયંતીભાઈ પટેલ ચિ. હેતવીની વર્ષગાંઠ પ્રસંગે	સુરત
૧૦૧-૦૦	શ્રી કમલેશભાઈ જયંતીભાઈ પટેલ ચિ. ખુશના જન્મદિન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦	શ્રી પ્રકાશકુમાર વાલજીભાઈ ચોટલીયા તા. ૨-૨-૦૬ના શુભ લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી અનીલભાઈમહેતા કેતન તથા દિયાના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી કૌશિકાબેન અરવિંદભાઈ મોદી ચિ. દિપલના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કરણ પ્રવિણભાઈ રાઠોડ પ્લોટ લીધો તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રામભાઈ ધનુભાઈ મોરી ચિ. જ્યોતિ, સુમિત્રા, ભારતી અને દિવ્યાબેનના લગ્ન પ્રસંગે	કાલીયાણા
૧૫૦-૦૦	સ્વ. મફતલાલ કાળીદાસ પટેલના સ્મરણાર્થે	માણસા
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ ઝીણાભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૨૫૧-૦૦	શ્રી હર્ષદકુમાર હરિભાઈ પટેલ નવું બાઈક લીધું તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી જગદીશભાઈ અંબાલાલ પટેલ ઈટરનો લાવ્યા તે નિમિત્તે	મોટેરા
૧૫૨-૦૦	શ્રી રમીલાબેન રમણભાઈ પટેલ ચિ. જીગરના લગ્ન પ્રસંગે	વક્તાપુર
૧૦૧-૦૦	શ્રી વિનોદભાઈ વસ્તાભાઈ ચોટલીયા પુત્ર જન્મ પ્રસંગે	રાજકોટ (જીરાગઢ)
૧૦૧-૦૦	શ્રી હેમાંગભાઈ પ્રવિણભાઈ અમીન ચિ. ખુશના જન્મદિન પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી કિરીટભાઈ તથા રાજુભાઈ તેમના પિતાશ્રી શ્રી અંબાલાલ ભાઈના સ્મરણાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦	સ્ટેપની બેન હસમુખલાલ પટેલ જન્મ દિન પ્રસંગે હા. વૈશાલીબેન	અમેરિકા
૧૦૧-૦૦	શ્રી જયેશ શાંતિલાલ ટાંક નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	જીરાગઢ
૧૦૦-૦૦	શ્રી વિનોદકુમાર ભીખાભાઈ પટેલ ચિ. દિવ્યાંગના જન્મ પ્રસંગે	મારૂસણા
૧૦૧-૦૦	શ્રી કમળાબેન વાલજીભાઈ કાલાણી બન્નેના આંખના ઓપરેશન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી ગીરીશભાઈ ભોળાભાઈ પટેલ સ્કુટરને કલર નિમિત્તે (રાજરાજેશ્વરી પ્રિ. પ્રેસ ચાંદખેડા)	ઝુલાસણવાળા
૧૦૧-૦૦	શ્રી હર્ષાબેન ભગવાનભાઈ મોરી ચિ. ભાણેજ અલૌકિકની બાબરી ઉતરાવી તે નિમિત્તે	ડેડીયાસણ

૧૦૧-૦૦	શ્રી રમેશચંદ્ર શાંતિલાલ ભાવસાર ચિ. સ્નેહલના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી સુજલકુમાર કનુભાઈ નવી પીક અપ વાન લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી પ્રવિણાબેન હસમુખલાલ શંકરલાલ ભાવસાર ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે	વડનગર
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ અમૃતલાલ મોદી ચિ. બ્રિજેશ અને ચિ. કિંજલના લગ્ન પ્રસંગે	સોજા
૧૦૧-૦૦	શ્રી જીતેન્દ્રકુમાર ચંદુલાલ ચિ. પિન્કીના શુભ લગ્ન પ્રસંગે	સોજા
૨૫૧-૦૦	શ્રી એલ. વી. પરમાર શ્રી નરનારાયણદેવની કૃપાથી મોરબી સબ જેલનો કાર્યકારી અધિક્ષક તરીકેનો ચાર્જ સંભાળ્યો તે નિમિત્તે	બળોલ
૧૦૧-૦૦	શ્રી ભાવેશ કનૈયાલાલ ચૌહાણ બી.ઈ.ઈલે. અને એમ.બી.એ. કરી જોબ મળી તે નિમિત્તે	ભુજ
૧૦૧-૦૦	તમન્ના કરશનભાઈ પરમાર ૯મી વર્ષગાંઠ પ્રસંગે	ટીંબા

આપણા વ્રતોત્સવો (તા. ૧૫-૩-૨૦૦૬ થી તા. ૧૩-૪-૨૦૦૬)

ફાગણ વદ

૧	બુધ	૧૫	ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર યોગ હોવાથી ફુલદોલોત્સવ કરવો, બ. ૧૨ ઉત્સવ આરતી, શ્રીનરનારાયણ જયંતી ઉત્સવ.
૨	શુક્ર	૧૭	જૂનાગઢમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો પ્રતિષ્ઠોત્સવ. (સં. ૧૯૧૬).
૩	શનિ	૧૮	શ્રીહરિએ ગઢપુરમાં શ્રી વાસુદેવનારાયણ પધરાવ્યા (સં. ૧૮૬૨) ઉત્તરસંડા સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, સંકષ્ટી-૪.
૪	રવિ	૧૯	વિછુંડો બેસે પા. રાત્રે ૨-૪૫.
૫	સોમ	૨૦	રંગપંચમી, નાશિક સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, વિછુંડો.
૭	બુધ	૨૨	ખોપાળા સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, વિછુંડો ઉ.સ. ૧૦-૧૮, વ્યતિપાત આ.દિ.
૮	ગુરુ	૨૩	જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ, (સં. ૧૮૮૨) અને શ્રીઘનશ્યામ મહારાજનો પાટો. તથા ચાણોદ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ.
૧૦/૧૧	શનિ	૨૫	ઉમરેઠમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રતિષ્ઠોત્સવ, એકાદશીનો ક્ષય છે.
૧૨	રવિ	૨૬	પાપ મોચીની એકાદશી ઉપવાસ, પંચક બેસે બપોરે ૪-૧૪.
૩૦	બુધ	૨૯	દર્શ-૩૦ અમાવાસ્યા, પંચક, સૂર્ય ગ્રહણ પાળવાનું છે.

સૂર્ય ગ્રહણ

ગ્રહણ વેધ વહેલી સવારે ૪-૨૫ કલાકે લાગે છે ત્યારબાદ જમવું નહી
બાળકો તથા અસક્તોએ ગ્રહણ સ્પર્શ પહેલા ૨-૦૦ કલાક દૂધ, ફૂટ લઈ શકાય
ગ્રહણ સ્પર્શ સાંજે ૪-૨૮ કલાકે, ગ્રહણ મોક્ષ સાંજે ૫-૨૩ કલાકે થશે ત્યારબાદ સ્નાન, પૂજાપાઠ, દર્શન, દાન કરવું.

ચૈત્ર સુદ

૧	ગુરુ	૩૦	શ્રી સ્વામિનારાયણ શક ૨૨૫ આરંભ, ગુડી પડવો, સંવત્સરારંભ, કડવા લીમડાનો રસ પીવો.
૫.	રવિ	૨	અંજારમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રતિષ્ઠોત્સવ.
૯	શુક્ર	૭	શ્રી સ્વામિનારાયણ જયંતી ઉપવાસ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ (સં. ૧૮૩૭ છપૈયા) અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં રાત્રે ૧૦-૧૦ પૂજન, ઉત્સવ, આરતી, શ્રી રામ જન્મોત્સવ બ. ૧૨ કલાકે આરતી, અમદાવાદ મંદિર અક્ષરભુવનમાં બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, અમદાવાદ-વડતાલ સમૈયો.
૧૦	શનિ	૮	અમદાવાદ (કાંકરિયા) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ (૨૦૩૫).
૧૧	રવિ	૯	કામદા એકાદશી ઉપવાસ.
૧૪	બુધ	૧૨	શ્રીહરિ બાળ મુકુન્દજીને પારણેથી ઉતારવા સવારે ૧૦-૩૦.
૧૫	ગુરુ	૧૩	ચૈત્રી પૂનમ, મુકુટોત્સવ પૂનમ, શ્રી હનુમાન જયંતી, વૈશાખ સ્નાન આરંભ.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અસલાલી : આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજારી પ.ભ. જસુભાઈ પટેલના પુત્ર પ.ભ. હર્ષદભાઈ તા. ૨૭-૧-૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : મૂળ આંતરસુબા ગામના શ્રી સરોજબેન રમણલાલ પરીખ તા. ૧૬-૧-૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (બાપુનગર) : પ.ભ. ફુલાભાઈ વલ્લભભાઈ પાઘડાળ તા. ૨૬-૧-૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

હિંમતનગર : શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. જંયતીભાઈ પી. મોદી તા. ૧૬-૨-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.





કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ પ્રસંગે વક્તાશ્રીને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ભક્તિ નગર (તા. હળવદ) ગામે મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



મહેસાણા મંદિરમાં ગુરુમંત્ર બાદ હરિભક્તો પ.પૂ મહારાજશ્રીની આરતી ઉતારતા



પોર ગામે પારાયણ પ્રસંગે ભવ્ય શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંત સમુદાય




પોરમાં કથાશ્રવણમાં મગ્ન હરિભક્તો

REG. NO. G.A.M.C. 003 Valid up to June 2006




શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણ જે અર્થે થઈ રહ્યું છે તે દિવ્ય અતિ દિવ્ય અલૌકિક શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ અ.નિ. પ.ભ.નવિનચંદ્ર શેઠની પરંપરાની અ.નિ.હરિશભાઈ શેઠના પુત્ર પ.ભ.પ્રણવ (ગોપાલ)અને પ.ભ.દર્શન પ.પૂ. મહારાજશ્રીને ખૂબજ શ્રધ્ધા ભક્તિથી અર્પણ કરી રહ્યા છે.



ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર અને આપણાજ સત્સંગી શ્રી શ્રી રઘુવીર ચૌધરી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પ.પૂ.મોટા મહારાજશ્રીને ચેક અર્પણ કરતા (બાપુપુરા ગામ)





શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ચાલી રહેલા નિર્માણકાર્યનું પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે બારીકાઈથી નિરીક્ષણ કરતા ગુજરાત સરકારના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



પોર (ગાંધીનગર) ગામે પારાયણ પ્રસંગે ગુરૂપરંપરામાં મળેલાં પ્રસાદીનાં વસ્ત્રો-ચરણારવિંદ સ્વા.મ્યુઝિયમ માટે પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.મહારાજશ્રીને અર્પણ કરતાં સાધુ ધર્મજીવનદાસ

Prafull Kharsani